RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 257, Dt.17-1-2025 Friday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# બજેટમાં મધ્યમવર્ગની આશા-અપેક્ષાઓ સંતોષાવાની આશા

## મધ્યમવર્ગની નારાજગી સરકારને પોસાય તેમ નથીઃ મોંઘવારીએ મધ્યમવર્ગની કેડ ભાંગી નાખી છેઃખર્ચ ક્ષમતાને પણ અસર થઈ છે : બજેટ થકી આ વર્ગને રાજી કરવા પ્રયાસ કરશે સરકાર

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

બીજું સામાન્ય બજેટ રજૂ થવાનું છે, જે મોદીના નેતળત્વ હેઠળની ગઉઅ સરકારના ત્રીજા કાર્યકાળનું પહેલું બજેટ હશે. બજેટ એવા સમયે રજૂ થઈ રહયું છે જ્યારે મધ્યમ વર્ગ કેન્દ્ર સરકાર પાસેથી રાહતની માંગ કરી રહયો છે. છેલ્લા કેટલાક વર્ષોમાં, આ વર્ગને આર્થિક સ્તરે ઘણા પડકારોનો સામનો કરવો પડ્યો છે. આ વર્ગ લાંબા સમયથી ભાજપનો પ્રતિબદ્ધ મતદાતા વર્ગ રહયો છે અને લાંબા સમય પછી, જાહેર પ્લેટફોર્મ પર તેનો નારાજગી દેખાઈ રહી છે. આવી સ્થિતિમાં, ભાજપ માટે તેમની માંગણીઓને અવગણવી સરળ રહેશે નહીં.

છેલ્લા કેટલાક મહિનામાં, સોશિયલ મીડિયા પર સૌથી વધુ ચર્ચિત વિષય ટેક્સ હતો. મધ્યમ વર્ગમાં એવી છાપ ઉભી થઈ કે સરકાર તેના હિત પ્રત્યે ગંભીર નથી. તેમનો આરોપ છે કે સરકાર તેમનો ટેકો લે છે, પરંતુ જ્યારે બદલામાં કંઈક આપવાની વાત આવે છે, ત્યારે તેમને સંપૂર્ણપણે અવગણવામાં આવે છે. કોવિડ સમયગાળા દરમિયાન, આ વિભાગે પરિસ્થિતિને પાટા પર લાવવાની તક આપી. હવે પરિસ્થિતિ સામાન્ય થઈ ગઈ છે, તેથી તેણે ફરીથી પોતાની માંગણીઓ અંગે અવાજ ઉઠાવવાનું શરૂ કર્યું છે. ચૂંટણીઓમાં મફત ભેટોનો ટ્રેન્ડ જે રીતે વધ્યો છે, તેનાથી આ વર્ગને એવું લાગવા લાગ્યું છે કે રાજકીય રીતે તેની સંપૂર્ણપણે અવગણના કરવામાં આવી છે અને તેના હિત વિશે બોલવા માટે કોઈ બચ્યું નથી. સરકાર પણ આ વર્ગના ગુસ્સાથી વાકેફ છે. તાજેતરમાં, એક રસપ્રદ પગલામાં, કેન્દ્ર સરકારે નિર્ણય લીધો છે કે GST કલેક્શનનો માસિક ડેટા જાહેર કરવામાં આવશે નહીં. બાકી રહેલા કર વસૂલાત સંબંધિત ડેટા મોટા પાયે જાહેર કરવામાં નહીં આવે તે પણ નક્કી કરવામાં આવ્યું હતું.

આ પગલા પાછળનું કારણ સરકાર દ્વારા મળેલ પ્રતિસાદ હતો. સરકારને માહિતી મળી કે દર મહિને કર વધારવા અંગે ખોટો સંદેશ ફેલાઈ રહ્યો




છે અને લોકોને લાગ્યું કે સરકાર ફક્ત કર વસૂલ કરી રહી છે. છેલ્લા કેટલાક વર્ષોથી, ભલે તે GST કર વસૂલાતનો મામલો હોય કે આવકવેરા વસૂલાતનો, તેમાં થયેલા વધારાને સરકાર પોતાની મોટી સફળતા તરીકે રજૂ કરી રહી છે. પરંતુ હવે તેણે તેનાથી દૂર રહેવાનું નક્કી કર્યું છે. ખાસ કરીને મધ્યમ વર્ગમાં એ વાત પર રોષ છે કે સરકાર સંપૂર્ણપણે કર વસૂલાત પર ધ્યાન કેન્દ્રિત કરે છે, પરંતુ તેમને તેનો કોઈ લાભ મળતો નથી.

વધુમાં, વધતી જતી ફુગાવાએ પરિસ્થિતિને વધુ મુશ્કેલ બનાવી છે. તાજેતરના સમયમાં ઘણા અહેવાલો દર્શાવે છે કે મધ્યમ વર્ગની ખર્ચ ક્ષમતા પર ખરાબ અસર પડી છે અને ફુગાવાની સરખામણીમાં તેમની આવકમાં બિલકુલ વધારો થયો નથી. આ વર્ગના લોકો હવે યુપીએ યુગના કરવેરા સાથે સરખામણી કરવા લાગ્યા છે. આ જ કારણ છે કે આ વર્ષના બજેટમાં આવકવેરામાં મોટી રાહતની અપેક્ષા છે.મધ્યમ વર્ગની માંગણીઓ અને તેમના રોષને અવગણવું સરળ રહેશે નહીં. ભલે મધ્યમ વર્ગ સંખ્યાની દ્રષ્ટિએ દેશમાં સૌથી મોટી વસ્તી ન હોય, પણ આ વર્ગ જ કથાને આકાર આપવાની સૌથી વધુ શક્તિ ધરાવે છે. દેશભરમાં લગભગ ૩૫૦ લોકસભા બેઠકો એવી છે, જ્યાં મધ્યમ વર્ગની વસ્તી નિર્ણયને પ્રભાવિત કરવાની ક્ષમતા ધરાવે છે. જોકે, નરેન્દ્રભાઈ મોદીના નેતળત્વમાં, ભાજપ શહેરી પક્ષ હોવાની માન્યતાને બદલવામાં સફળ રહયો છે.

ગ્રામીણ વિસ્તારોમાં પાર્ટીનો ઝડપથી વિકાસ થયો અને બદલામાં ગ્રામીણ વસ્તીને પણ સરકાર તરફથી લાભ મળ્યા. કિસાન સન્માન નિધિ અને મફત રાશનથી ગરીબોમાં સરકાર અને ભાજપની વિશ્વસનીયતા મજબૂત થઈ.

આ ઉપરાંત, ભાજપને મધ્યમ વર્ગનો ટેકો પણ મળતો રહ્યો. આવી સ્થિતિમાં, તેની અપેક્ષાઓને અવગણવાનું જોખમ આગામી દિવસોમાં સરકાર માટે સમસ્યાઓ ઊભી કરી શકે છે.

# હિંદુ મેરેજ એક્ટમાં પુરૂષની પુખ્ત ઉંમર ૧૮ કે ૨૧? : સુપ્રીમ નક્કી કરશે

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

બાળ લગ્ન પ્રતિબંધ અધિનિયમ (ડઈખઅ) અને હિંદુ લગ્ન અધિનિયમ હેઠળ, સગીરને બહુમતી પ્રાપ્ત કર્યાના બે વર્ષમાં અરજી દાખલ કરવાનો અને તેના બાળ લગ્નને રદ કરવાની માંગ કરવાનો અધિકાર મળે છે. પરંતુ, આ કાયદા હેઠળ, કોઈપણ પુરૂષની બાલિક વય ૧૮ વર્ષ કે ૨૧ વર્ષ છે?

સુપ્રીમ કોર્ટ હવે આ પ્રશ્નની કસોટી કરશે. જેને લઈ એક કેસ સુપ્રીમ કોર્ટમાં આવ્યો છે. એક છોકરો પરણ્યો હતો. ૨૩ વર્ષની ઉંમરે તેણે તેના લગ્નને રદ કરવા માટે અરજી કરી હતી. તેમની અરજી પર હાઈકોર્ટે લગ્નને અમાન્ય જાહેર કર્યા હતા.

હવે તે છોકરાની પત્ની સુપ્રીમ કોર્ટમાં પહોંચી છે. પત્નીએ સવાલો ઉઠાવ્યા છે કે પતિએ બાલિક અટલે કે ૧૮ વર્ષની અંદર ૨ વર્ષ દરમિયાન બાળ લગ્ન રદ કરવાની અરજી કરી ન હતી, આવી સ્થિતિમાં હાઈકોર્ટનો નિર્ણય ખોટો છે. યુવતીની અરજી પર સુપ્રીમ કોર્ટે નોટિસ જારી કરી છે. હવે આગામી સુનાવણી ૧૬ જાન્યુઆરીએ હાથ ધરાશે.

ડઈખઅ ની કલમ ૩(૩) મુજબ,કોઈપણ વ્યક્તિ જે તેના લગ્ન સમયે સગીર હતી તે બાલિક થયા પછી રદ કરવા માટે અરજી કરી શકે છે. જો કે, આ પિટિશન એ શરત સાથે આવે છે કે તેના માટેની અરજી બાલિક વય હાંસલ કર્યાના ૨ વર્ષની અંદર



કરવામાં આવે.

હાલના કિસ્સામાં, બાળ વિવાહ સમયે છોકરાની ઉંમર ૧૨ વર્ષ અને છોકરીની ઉંમર ૯ વર્ષની હતી. ૨૦૧૩ માં, જ્યારે પતિ ૨૩ વર્ષનો હતો, ત્યારે તેણે હિંદુ મેરેજ એક્ટ ૧૯૫૫ (ઈખઅ) ની કલમ ૧૨ (૨) હેઠળ લગ્ન રદ કરવા માટે અરજી દાખલ કરી હતી.

ફેમિલી કોર્ટે આ કેસને ફગાવી દેતા કહ્યું હતું કે અરજી દાખલ કરતા પહેલા છોકરાએ ઈખઅની કલમ ૧૩ હેઠળ છૂટાછેડાનો કેસ દાખલ કર્યો હતો, જે હાજર ન થવાને કારણે બરતરફ કરવામાં આવ્યો હતો. હાઈકોર્ટે છોકરાની તરફેણમાં ચુકાદો આપ્યો હતો.

અરજી દાખલ કરનાર યુવતી નું એવું કહેવુ છે કે હાઈકોર્ટના નિર્ણયે પુરુષો માટે લગ્ન રદ કરવાની વિનંતી કરવાની મર્યાદા ૨૩ વર્ષ સુધી વધારી દીધી હતી.

આ પીસીએમએના કાયદાકીય ઉદ્દેશ, બંધારણીય સિદ્ધાંતો અને રક્ષણાત્મક અભિગમની વિરુદ્ધ છે.

છોકરીનું કહેવું છે કે તેના પતિની અરજી રદ કરવા માટે સમય મર્યાદા દ્વારા પ્રતિબંધિત કરવામાં આવી હતી કારણ કે તેને બહુમતી પ્રાપ્ત કર્યાના બે વર્ષમાં (૧૮ વર્ષ, ૨૦૧૦ માં) દાખલ કરવાની હતી.

# ઈમરાન ખાનને ભ્રષ્ટાચારના કેસમાં ૧૪ વર્ષ અને પત્ની બુશરા બીબીને સાત વર્ષની જેલ

**મુખ્ય સમાચાર,ઈસ્લામબાદ**

પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનને અલ-કાદિર ટ્રસ્ટ સંબંધિત જમીન કૌભાંડમાં ૧૪ વર્ષની સજા ફટકારવામાં આવી છે. સ્થાનિક કોર્ટે આ કૌભાંડમાં મહત્ત્વનો ચૂકાદો આપતાં ઈમરાનની પત્નીને પણ સાત વર્ષની જેલની સજા ફટકારી છે. હાલ ઈમરાન ખાન અને બુશરા બીબી બંને જેલમાં જ બંધ છે. કોર્ટે ઈમરાન અને બુશરા પર રૂ. ૧૦ લાખ અને રૂ. ૫ લાખનો દંડ પણ ફટકાર્યો હતો. તેમજ દંડની રકમ ચૂકવવામાં નિષ્ફળ રહ્યા તો બંનેને છ મહિનાની જેલની સજા પણ થઈ શકે છે.

નેશનલ એકાઉન્ટબિલિટી બ્યૂરોએ ડિસેમ્બર, ૨૦૨૩માં ઈમરાન ખાન, તેના પત્ની બુશરા બીબી, સહિત અન્ય છ વિરૂદ્ધ રાષ્ટ્રીય ખજાનાને ૧૯૦ મિલિયન પાઉન્ડનું નુકસાન પહોંચાડવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. ડિસેમ્બર, ૨૦૨૩માં અલ-કાદિર યુનિવર્સિટી ટ્રસ્ટ કેસમાં ભ્રષ્ટાચાર અને રાષ્ટ્રીય ખજાનાનો ગેરકાયદે ઉપયોગ કરવા બદલ પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાન, તેના પત્ની બુશરા બીબી અને અન્ય સાત લોકો વિરૂદ્ધ કેસ ફાઈલ થયો હતો. અગાઉ ત્રણ વખત ચુકાદો સ્થગિત કરાયા બાદ જસ્ટિસ નાસિર જાવેદ રાણાએ અંતે સજાનો આદેશ આપ્યો હતો. ઈમરાન



અને તેના પત્નીએ અલ-કાદિર યુનિવર્સિટી પ્રોજેક્ટ ટ્રસ્ટ સાથે મળી અબજો રૂપિયાનું ભ્રષ્ટાચાર કર્યું હતું.જેલમાં બંધ ઈમરાને બહરિયા ટાઉન લિ. દ્વારા હજારો એકર જમીનની ખરીદી કરવા માટે સરકારના ખજાનાનો ઉપયોગ કર્યો હતો. આ મામલે કોર્ટે ઈમરાનને સ્પષ્ટીકરણ આપવા માટે અનેક તકો આપી હોવા છતાં તે પોતાને નિર્દોષ સાબિત કરી શક્યા ન હતાં.

# પ્રવાસીઓને લઈને સ્પેન જતી બોટ મોરક્કો પાસે પલટી ગઈઃ ૪૦ પાકિસ્તાનીઓના મોત

- બોટમાં ૮૦ પ્રવાસીઓ હતા, ૩૬ યાત્રીઓનો બચાવ



**મુખ્ય સમાચાર,ઈસ્લામબાદ**

પાકિસ્તાને ગુરુવારે જણાવ્યું હતું કે સ્પેન પહોંચવાનો પ્રયાસ કરી રહેલી ૮૦ પ્રવાસીઓને લઈ જતી એક બોટ મોરોક્કો નજીક પલટી ગઈ હતી, જેમાં ૪૦ થી વધુ પાકિસ્તાની નાગરિકોના મોત થયા હતા. પ્રવાસી અધિકાર જૂથ વોકિંગ બોર્ડર્સે જણાવ્યું હતું કે બોટ પલટી જતાં ૫૦ થી વધુ લોકો ડૂબી ગયા હતા.

૨ જાન્યુઆરીના રોજ મોરિટાનિયાથી નીકળ્યા બાદ ૬૬ પાકિસ્તાનીઓ સહિત ૮૬ પ્રવાસીઓને લઈ જતી બોટ પલટી ગયા બાદ મોરક્કન અધિકારીઓએ ૩૬ લોકોને બચાવ્યા હતા. વોકિંગ બોર્ડર્સના સીઈઓ હેલેના માલેનોએ ડ પર જણાવ્યું હતું કે ડૂબી ગયેલા ૪૪ લોકો પાકિસ્તાનના હોવાનું માનવામાં આવે છે. પાકિસ્તાનના વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, મોરક્કોમાં તેનું દૂતાવાસ સ્થાનિક અધિકારીઓના સંપર્કમાં છે. 'રબાત (મોરોક્કો) માં અમારા દૂતાવાસે અમને જાણ કરી છે કે મોરિટાનિયાથી રવાના થયેલી ૮૦થી વધુ મુસાફરોને લઈને એક બોટ મોરક્કોના દાખલા બંદર નજીક પલટી ગઈ છે.

જેમાં ઘણા પાકિસ્તાની નાગરિકોનો સમાવેશ થાય છે.' હાલમાં પાકિસ્તાનીઓ સહિત ઘણા બચી ગયેલા લોકો દાખલા નજીકના એક કેમ્પમાં આશ્રય મેળવી રહી રહ્યા છે.

# પંજાબમાં વડાપ્રધાન મોદીની સુરક્ષામાં ક્ષતિ એ હત્યાનો પ્રયાસ હતો! કલમ ૩૦૭ લગાડાઈ

## પાક. સરહદથી ફકત ૭ કી.મી. દુર જ વડાપ્રધાનના કાફલાને રોકવાની ફરજ પાડનાર ૨૪ સામે ગંભીર કલમો

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

પંજાબમાં ધારાસભા ચુંટણી સમયે પ્રચાર માટે ગયેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કાફલાને તા.૫ જાન્યુઆરી ૨૦૨૨ના જે રીતે ભારે વરસાદના કારણે સડક માર્ગ પર પ્રવાસ કરવાની ફરજ પડી અને પાક સરજ હુસેનીવાલા બોર્ડરથી ફકત ૭ કી.મી. સુરજ માર્ગ વચ્ચે વડાપ્રધાનને કાફલાને પ્રદર્શનકારીઓ દ્વારા માર્ગ જામ કરવાથી ૨૦ મીનીટ રોકાવાની જે ફરજ પડી હતી તેમાં હવે એફઆઈઆરમાં ભારતીય ફોજદારી ધારાની કલમ ૩૦૭ પણ જોડવામાં આવી છે.

મતલબ કે જે રીતે વડાપ્રધાનના કાફલાને રોકવાની ફરજ પડી તે તેમની હત્યાના એક પ્રયાસ તરીકે જોડવામાં આવી રહ્યા છે અને તેથી તેને અત્યંત ગંભીરતાથી લેવાયુ છે. પોલીસે ૨૪ લોકો સામે આ કલમ ૩૦૭નો ઉપયોગ કર્યો છે.

આ કેસમાં જોડાયેલા એક વ્યકિતએ ધરપકડથી બચવા ફિરોજપુર જીલ્લા કોર્ટમાં આગોતરા જામીન અરજી કરી હતી તો અદાલતે એફઆઈઆરમાં કલમ ૩૦૭ જોડી હોવાથી તેની આગોતરા જામીન અરજી રદ કરી હતી.

વડાપ્રધાનના કાફલાને જે રીતે અસુરક્ષિત ક્ષેત્રમાં ૨૦ મીનીટ સુધી રોકી રાખવાની ફરજ પડી તે સંબંધી તપાસ માટે એક કમીટી રચાઈ હતી. જેણે આ સમગ્ર મામલાને વડાપ્રધાનની હત્યાના પ્રયાસ તરીકે જોઈને આ કલમ ઉમેરવા ભલામણ કરી હતી. ભારતીય ફોજદારી ધારાની આ કલમ ૩૦૭ એ હત્યાના પ્રયાસ સંબંધી છે.

જેમાં કોઈ વ્યક્તિ અથવા સમૂહ જાણી જોઈને અથવા તો અજાણતા જ કોઈના જીવન લેવાની કોશીશ કરે કે તેવી પરીસ્થિતિ સર્જે તો તેની સામે આ કલમ ઉગારી શકાય છે જે કલમ હેઠળ આરોપીને ઓછામાં ઓછી ૧૦ વર્ષ સુધીની સજા, મહતમ મૃત્યુદંડ અથવા આજીવન કારાવાસ અને દંડ પણ થઈ શકે છે. વડાપ્રધાન પંજાબના ફિરોજપુરમાં એક સેટેલાઈટ સેન્ટરના ઉદઘાટનમાં



જવાના હતા પણ વરસાદના કારણે તેમને સડકમાર્ગ જવાની ફરજ પડી હતી.તે સમયે ફિરોજપુરના ગાવઆરે આના પુલ પાસે કેટલાક લોકોએ વડાપ્રધાનના કાફલાને રોકી લીધો હતો જે એક ગંભીર બાબત હતી જયાં આ કાફલો રોકવામાં આવ્યો તે સ્થળથી પાક સાથેની સરહદ ફકત સાત કિમીજ દુર હતી અને મોદીને રેલીને સંબોધન વગર ભટીંડા પરત જવું પડયુ હતું. પોલીસે તે સમયે કલમ ૨૮૩ (જાહેર માર્ગ પર વિધ્ન સર્જવા- ખતરો સર્જવા) ને કેસમાં લગાવી હતી પણ બાદમાં કેન્દ્ર સરકારે આ અંગે એક ઉચ્ચસ્તરીય તપાસ ટીમ રચી હતી.

# મહાકુંભમાં છ દિવસમાં સાત કરોડ ભક્તોનો સ્નાન કરવાનો રેકોર્ડ

## ત્રણ દિવસમાં લગભગ ૧૦ લાખ ભક્તોએ અયોધ્યા, ૭.૪૧ લાખ ભક્તોએ કાશી વિશ્વનાથ મંદિર મુલાકાત લીધી

**મુખ્ય સમાચાર,પ્રયાગરાજ**

જીવનદાતા ગંગા, શ્યામ યમુના અને અદ્રશ્ય સરસ્વતીના પવિત્ર સંગમમાં શ્રદ્ધામાં ઓતપ્રોત સંતો, ભક્તો, કલ્પવાસીઓ, સ્નાન કરનારાઓ અને ગૃહસ્થોનું સ્નાન માટે નવા રેકોર્ડ સર્જી રહ્યું છે. ૧૧ થી ૧૬ જાન્યુઆરી વચ્ચેના માત્ર છ દિવસમાં સાત કરોડથી વધુ લોકોએ સંગમ અને અન્ય ઘાટો પર આસ્થા ની ડૂબકી લગાવી હતી. આ વખતે ૪૫ કરોડથી વધુ લોકો મહાકુંભમાં પવિત્ર સ્નાન કરશે.

૧૧ જાન્યુઆરીએ લગભગ ૪૫ લાખ લોકોએ સ્નાન કર્યું અને ૧૨ જાન્યુઆરીએ ૬૫ લાખ લોકોએ સ્નાન કરવાનો રેકોર્ડ બનાવ્યો. આ રીતે મહાકુંભના માત્ર બે દિવસ પહેલા જ રેકોર્ડ સંખ્યામાં એક કરોડથી વધુ લોકોએ સ્નાન કર્યું હતું.

મહાકુંભના પ્રથમ દિવસે, પોષ પૂર્ણિમા સ્નાન ઉત્સવ પર, ૧.૭૦ કરોડ લોકોએ સ્નાન કરીને રેકોર્ડ બનાવ્યો. બીજા દિવસે, મકરસંક્રાંતિના અમૃત સ્નાનના અવસરે, ૩.૫૦ કરોડ લોકોએ સંગમમાં સ્નાન કર્યું. આ રીતે, મહાકુંભના પ્રથમ બે દિવસમાં ૫.૨૦ કરોડથી વધુ લોકોએ આસ્થાપૂર્વક સ્નાન કર્યું હતું.

આ ઉપરાંત ૧૫ જાન્યુઆરીએ મહાકુંભના ત્રીજા દિવસે ૪૦ લાખ લોકોએ સ્નાન કર્યું હતું. ગુરુવારે પણ ૩૦ લાખથી વધુ લોકોએ સંગમમાં પવિત્ર સ્નાન કર્યું અને પુણ્ય પ્રાપ્ત કર્યું. સ્નાન કર્યા બાદ પ્રયાગરાજથી ભક્તો



શ્રીંગેવરપુર, ચિત્રકૂટ, વારાણસી, મા વિંધ્યવાસિની ધામ, નૈમિષારણ્ય, અયોધ્યા પણ પહોંચી રહ્યા છે. આ વિસ્તારો સુધી પહોંચવાથી સ્થાનિક રોજગારમાં પણ મોટો વધારો થઈ રહ્યો છે.

૧૩, ૧૪ અને ૧૫ જાન્યુઆરીએ તેઓ દર્શન અને પૂજા માટે શ્રિંગવરપુર, ચિત્રકૂટ, વારાણસી, મા વિંધ્યવાસિની ધામ, નૈમિષારણ્ય અને અયોધ્યા પહોંચ્યા. ત્રણ દિવસમાં લગભગ ૧૦ લાખ ભક્તોએ અયોધ્યાની મુલાકાત લીધી, ૭.૪૧ લાખ ભક્તોએ કાશી વિશ્વનાથ મંદિરની મુલાકાત લીધી, ૫ લાખ લોકો એ વિંધ્યવાસિની ધામની મુલાકાત લીધી અને એક લાખથી વધુ નૈમિષારણ્ય ધામ, સીતાપુરની મુલાકાત લીધી. આ મહાકુંભ સમગ્ર વિશ્વને એકતા, સૌહાર્દ અને માનવતાનો મોટો સંદેશ આપી રહ્યો છે. ન તો જાતિ નથી, સંપ્રદાય નથી કે અસ્પૃશ્યતા નથી.

# ખરાબ રસ્તા માટે બિનજામીન પાત્ર ગુનો દાખલ કરી કોન્ટ્રાકટરો - એન્જીનીયરોને જેલ ભેગા કરવા જોઈએ

## કેન્દ્રીય પરિવહન મંત્રી નીતિન ગડકરીની સાફ વાત

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

કેન્દ્રીય માર્ગ પરિવહન પ્રધાન નીતિન ગડકરીએ દેશના મોટા ભાગના ક્ષેત્રોમાં રસ્તાની ખરાબ હાલતને ધ્યાનમાં રાખીને એવી ગંભીર ટકોર કરી છે કે ખરાબ રસ્તા માટે બિનજામીન પાત્ર ગુનો નોંધાવવા જોઈએ.

ભારતીય ઉદ્યોગ સંગઠનના કાર્યક્રમમાં સામેલ થયેલા કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે, માર્ગ દુર્ઘટના પાછળ મોટા ભાગે ક્ષતિયુકત ડીપીઆર અને ખરાબ રસ્તા હોય છે તેને બિનજામીન પાત્ર અપરાધ ગણાવવો જોઈએ.

માર્ગ નિર્માણ કરતા કોન્ટ્રાકરો તથા એન્જીનીયરોને દુર્ઘટના માટે જવાબદાર ગણવા જોઈએ અને તેઓ સામે બિનજામીન પાત્ર ગુના નોંધીને જેલ ભેગા કરવા જોઈએ અને તે સંજોગોમાં સારા રસ્તા શકય બનશે. માર્ગોના બ્લેક સ્પોટના સુધારા પાછળ ૪૦ હજાર કરોડનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે.

તેમણે કહ્યું કે, સરકારના તમામ પ્રયાસો છતાં માર્ગ દુર્ઘટનાઓ અને તેમાં ભોગ બનનારા લોકોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. ૨૦૩૦ સુધીમાં માર્ગ દુર્ઘટનામાં ૫૦ ટકાનો ઘટાડો કરવાનો સરકારનો ટાર્ગેટ છે. પરંતુ દુર્ઘટનાઓ ઘટવાને બદલે વધી રહી છે.



૨૦૨૩માં ભારતમાં પાંચ લાખ માર્ગ અકસ્માતો થયા હતા. જેમાં ૧.૭૨ લાખ લોકોના મોત નિપજયા હતા. આમાંથી ૧.૧૪ લાખ લોકો ૧૮ થી ૪૫ વર્ષની વયજુથના હતા જયારે ૧૦ હજાર બાળકો હતા. ૫૫ હજાર લોકોના મોત હેલ્મેટ ન પહેરવાના કારણે અને ૩૦ હજાર મોત કારમાં સીટબેલ્ટ ન લગાવવાના કારણે થયા હતા.

કાર્યક્રમમાં હાજર પરિવહન સચિવ વી.ઉમાશંકરે કહ્યું કે, માર્ગ સુરક્ષા માટે જનઅભિયાન શરૂ થવું જોઈએ. દરેક અકસ્માત સ્થળ પાછળ કોઈ ચોકકસ કારણ હોય છે. જિલ્લા સ્તરે લોકોમાં જાગૃતિ સર્જવા માટે અભિયાન ઉભુ કરવાની જરૂર છે.

# ભાણવડમાં દારૂના જથ્થા સાથે યુવક ઝડપાયો

## ગુંદા ગામની સીમમાંથી ૮૦૦ લીટર દેશી દારૂ સાથે ૧૯ વર્ષીય યુવક પકડાયો, ત્રણ ફરાર

**મુખ્ય સમાચાર, ભાણવડ**

ભાણવડ તાલુકાના ટિંબડી ગામે ઈન્ચાર્જ પી.આઈ. કે.કે. મારુના માર્ગદર્શન હેઠળ સ્થાનિક પોલીસ સ્ટાફ દ્વારા ગુરુવારે હાથ ધરવામાં આવેલ પેટ્રોલિંગ દરમિયાન એ.એસ.આઈ. ચિરાગસિંહ જાડેજા, હેડ કોન્સ્ટેબલ નિલેશભાઈ કારેણા અને વેજાણંદભાઈ બેલા મળેલી ચોક્કસ બાતમીના આધારે ભાણવડથી આશરે ૧૫ કિલોમીટર દૂર ગુંદા ગામની સીમ વિસ્તારમાં રહેતા ગલા રબારી નામના શખ્સ દ્વારા પોતાના કબજા ભોગવટાના રહેણાંક મકાનમાં ઘરૂ છુપાવવામાં આવ્યો હોવાની માહિતી પરથી પોલીસ સ્ટાફે આ સ્થળે દરોડો પાડ્યો હતો.

આ રહેણાંક મકાનમાં રાખવામાં આવેલા નીરણ (જુવાર)ના ઢગલાની નીચે સંતાડીને રાખવામાં આવેલો દેશી દારૂનો ૪૦૦ લીટર જથ્થો પોલીસને સાંપડ્યો હતો. એટલું જ નહીં, અહીં રહેલી જી.જે. ૦૯ બી.સી. ૩૬૬૩ નંબરની એક સ્વીફ્ટ મોટરકારમાં ચેકિંગ કરતા આ કારમાં પણ વધુ ૪૦૦ લીટર દેશી દારૂ મળ્યો હતો. આમ, આ દરોડાની કાર્યવાહીમાં પોલીસને રૂપિયા બે લાખ ૬૦ હજારની કિંમતનો દારૂનો જથ્થો મળતા પોલીસે રૂ. ૩ લાખની કિંમતની મોટરકાર અને રૂ. ૧૦,૦૦૦ ની કિંમતના એક મોબાઈલ ફોન મળી કુલ રૂપિયા ૫.૭૦ લાખના મુદ્દામાલ સાથે આરોપી ટિંબડી ગામના રબારી કેસુ ઉર્ફે કિશન કમાભાઈ મોરી (ઉ.વ. ૧૯) ની અટકાયત કરી હતી.

આ પ્રકરણમાં પાછતર ગામના વિનુ રબારી અને ગુંદા ગામની સીમા રહેતા ગલા રબારી નામના બે શખ્સોની સંડોવણી પણ ખુલવા પામી છે. ઉપરાંત દારૂનો આ જથ્થો ધામણી નેશ વિસ્તારમાં રહેતા ભીમા પરબત રબારીએ આપ્યો હોવાનું પણ વધુમાં ખુલવા પામ્યું છે. જે સંદર્ભે ભાણવડ પોલીસે કેસુ ઉર્ફે કિશન કમા મોરીની અટકાયત કરી, અન્ય ત્રણ શખ્સોને ફરાર જાહેર કર્યા છે.



આ સમગ્ર કાર્યવાહી ઈન્ચાર્જ પી.આઈ. કે.કે. મારુ સાથે સ્ટાફના ચિરાગસિંહ જાડેજા, ગીરીશભાઈ ગોજીયા, કેશુભાઈ ભાટીયા, શક્તિસિંહ ઝાલા, નિલેશભાઈ કારેણા, મયુરભાઈ ગોજીયા, મયુરસિંહ જાડેજા, વેજાણંદભાઈ બેલા અને મીનાબેન નંદાણીયા દ્વારા કરવામાં આવી હતી.

# ભાવનગરમાં પ્રેમ પ્રકરણ મામલે વેપારીની હત્યા

**મુખ્ય સમાચાર,ભાવનગર**

ભાવનગર શહેરના પથિકાશ્રમ વિસ્તારમાં એક સામાન્ય બાબતે થયેલી મારામારીએ ગંભીર સ્વરૂપ ધારણ કર્યું છે. બોમ્બે બિરયાની વાળા ખાંચા નજીક રહેતા વેપારી મુસ્તુફા ઉર્ફે કાળુ કાચવાળાની હત્યા થઈ છે.

ઘટના મુજબ, આરોપી અરમાન ઉર્ફે ભોલુ સલીમ લાખાણી વારંવાર ખાલીદ રઝાક પઠાણના ભાણેજ આમિરને ગાળો બોલતો હતો. આ બાબતે ખાલીદ તેમના મિત્ર મુસ્તુફા સાથે આરોપીના પિતા પાસે ફરિયાદ કરવા ગયા હતા. ત્યારબાદ જ્યારે તેઓ પથિકાશ્રમ પાસે પરત ફર્યા, ત્યારે અરમાન, તેના મિત્ર રેહમાન ઉર્ફે દિલીપ ઈરફાન ફરિયાણી અને કારીગર આફતાબ તલવાર-છરી સાથે સ્કૂટર પર આવ્યા.આરોપીઓએ ફરિયાદ



કરવા બાબતે ઉશ્કેરાઈને મુસ્તુફા પર તલવાર અને છરી વડે હુમલો કર્યો. વચ્ચે પડેલા ખાલીદને પણ આંગળીના ભાગે ઈજા થઈ હતી. ગંભીર ઈજાઓ સાથે મુસ્તુફાને સર ટી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા, જ્યાં ટૂંકી સારવાર બાદ તેમનું મૃત્યુ થયું. આ ઘટનાની જાણ થતાં એસપી, ડીવાયએસપી, એલસીબી, એસઓજી અને ગંગાજળિયા પોલીસ સ્ટેશનનો સ્ટાફ ઘટનાસ્થળે પહોંચ્યો હતો. ખાલીદ રઝાક પઠાણની ફરિયાદના આધારે ત્રણેય આરોપીઓ વિરુદ્ધ ગંગાજળિયા પોલીસ સ્ટેશનમાં હત્યાનો ગુનો નોંધી તપાસ શરૂ કરવામાં આવી છે. આ ઘટનાને પગલે શહેરમાં ભારે ચકચાર મચી ગઈ છે.

હત્યાના બનાવ અંગે ભાવનગર સીટી ડીવાયએસપી સિંધાલે જણાવ્યું હતું કે, આ બનાવને લઈને એસપી હર્ષદ પટેલની સૂચના અને માર્ગદર્શન મુજબ એલસીબી એસ ઓ જી તથા સી ડિવિઝન પોલીસ દ્વારા અલગ અલગ ટીમો બનાવી આ અત્યારની કડીઓ મેળવવા અને આરોપીઓને ઝડપી લેવા તપાસ હાથ ધરવામાં આવી છે. હજુ સુધી એક પણ આરોપીઓની ધરપકડ થઈ નથી.

# સુરેન્દ્રનગરના વઢવાણ રોડ પર કારના શો રૂમમાં ત્રાટકતા તસ્કરોઃ ૧૨.૪૬ લાખની ચોરી

**મુખ્ય સમાચાર, સુરેન્દ્રનગર**

વઢવાણ રોડ પર નજીક- નજીકમાં આવેલ કારના ૩ શો રૂમમાં તસ્કરો ત્રાટકયા હતા. જેમાં કેશીયરની કેબીનમાં ટેબલના ડ્રોઅર તોડી તેમાંથી રૂપીયા ૧૨,૪૬,૨૬૬ રોકડા ચોરી કરીને લઈ ગયા હતા. બનાવની જાણ થતા પોલીસે દોડી જઈ તપાસનો દોર આરંભ્યો છે. જયારે ટાટા મોટર્સના કર્મચારીએ બનાવની સુરેન્દ્રનગર બી ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.સુરેન્દ્રનગર જિલ્લામાં શિયાળાના સમયે ચોરીની વારદાતો વધી રહી છે. ત્યારે રવીવારે રાત્રે સુરેન્દ્રનગર-વઢવાણ રોડ પર આવેલ કારના ૩ શો રૂમમાં તસ્કરોએ ચોરીને અંજામ આપ્યો છે. બનાવની મળતી માહીતી મુજબ સુરેન્દ્રનગર-વઢવાણ રોડ પર વીવીધ કંપનીના કાર અને બાઈકના શો રૂમો આવેલા છે. જેમાં બોડા તળાવ સામે આવેલ ટાટા મોટર્સ શો રૂમ, તેની પાસે આવેલ નેકસા વર્કશોપ અને વઢવાણ એપીએમસી સામે આવેલ મારૂતી અરેના શો રૂમમાં રવીવારે રાતના અંદાજે ૧-૪૫ થી ૩-૩૦ના સમયગાળામાં તસ્કરોએ ખાતર પાડયુ હતુ.તસ્કરોએ ટાટા મોટર્સના શો રૂમમાં કેશીયરની કેબીનના ૨ ટેબલના ડ્રોઅરના લોક તોડી તીમાંથી રૂપીયા ૧૦,૨૨,૫૬૬ રોકડાની ચોરી કરી હતી. જયારે નેકસા વર્કશોપમાંથી આજ રીતથી ૧,૧૬,૭૦૦ ચોરાયા હતા. બીજી તરફ વઢવાણ એપીએમસી સામે આવેલ મારૂતી અરેના શો રૂમમાં કેશીયરની કેબીનમાં નાની સાઈઝનો સેઈફ ડીપોઝીટ વોલ્ટ હતો જે તસ્કરો ઉઠાવી ગયા હતા.

જેમાં અંદાજે રૂપીયા ૧,૦૭,૦૦૦ હતા. આમ, ત્રણેય સ્થળે મળી કુલ રૂપીયા ૧૨,૪૬,૨૬૬ની ચોરી થઈ હતી. સોમવારે સપ્તાહની શરૂઆતે ફરજ પર આવેલા શો રૂમના કર્મીઓને ચોરી થયાની જાણ થઈ હતી. અને



સીસીટીવી ચેક કરતા આ સમયગાળા દરમીયાન ૩ શખ્સોએ ચોરીને અંજામ આપ્યો હતો. બનાવની ટાટા મોટર્સના કર્મચારી અલકાપુરી ચોક પાસે આવેલ પ્રોફેસર સોસાયટીમાં રહેતા ઈશાન પ્રફુલભાઈ ઠાકરે બી ડીવીઝન પોલીસ મથકે અજાણ્યા ૩ શખ્સો સામે ફરિયાદ નોંધાવી છે. બનાવની વધુ તપાસ પ્રોબેશનલ ડીવાયએસપી રીધ્ધી ગુપ્તે ચલાવી રહ્યા છે. સોમવારે સવારે ૩ શો રૂમમાં ચોરી થતા એસપી ડો. ગીરીશકુમાર પંડયાના માર્ગદર્શનથી પ્રોબેશનલ ડીવાયએસપી રીધ્ધી ગુપ્તે, સુરેન્દ્રનગર એલસીબી પીઆઈ જે.જે.જાડેજા, બી ડીવીઝન પીઆઈ એમ.એચ. પઠાણ સહિતની ટીમો શો રૂમ પર દોડી ગઈ હતી. જેમાં તપાસ કરતા ચોરી થયેલ સેઈફ ડીપોઝીટ વોલ્ટનો નંબરો સાથેનો દરવાજો શહેરની ભોગાવા નદીમાંથી મળી આવ્યો હતો.

# મોરબીની આયુષ હોસ્પિટલમાં સચોટ બ્લોક ટેક્નિકથી ૭૮ વર્ષીય વૃદ્ધના થાપાના ફ્રેક્ચરનું સફળ ઓપરેશન કરાયું

## દર્દીની બીજી બિમારીઓને લીધે પૂરા બેભાન કરવામાં પણ જોખમ વધારે હતું

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબીની આયુષ હોસ્પિટલમાં ૭૮ વર્ષીય વૃદ્ધ દર્દીની આધુનિક મશીનની મદદથી એક પગની નસો બ્લોક કરી થાપાના ફ્રેક્ચરનું સફળ ઓપરેશન કરી દર્દીને અસહ્ય પીડામાંથી મુક્તિ અપાવી છે.

મોરબીની આયુષ હોસ્પિટલમાં જેશાભાઈ સંખાવરા (ઉંમર ૭૮વર્ષ) દાખલ થયા હતા, તેઓને થાપાનું ફ્રેકચર થયું હોવાથી તેના ઓપરેશન સબબ હોસ્પિટલમાં દાખલ થયેલા હતા. પરંતુ દર્દીને ડાયાબિટીસ, હાયપરટેન્શન, મગજનો લકવો જેવી બિમારીઓ પણ હતી. આમ તો આવા દર્દીઓને કમરમાં મણકાઓ વચ્ચેની જગ્યામાં સોઈથી ઈન્જેકશન આપીને કમરથી નીચેનો ભાગ બેભાન કરવામાં આવતો હોય છે. પરંતુ જેશાભાઈની વધુ ઉંમરને લીધે તેમના મણકાઓ વચ્ચેની જગ્યા એકદમ ઓછી થઈ ગયેલી હોવાથી એનેસ્થેટીસ્ટ ટીમ દ્વારા ઘણા બધા પ્રયત્નો પછી પણ એ શક્ય થઈ શકયું નહીં. ઉપરાંત દર્દીની બીજી બિમારીઓને લીધે પૂરા બેભાન કરવામાં પણ જોખમ વધારે હતું.

જેથી દર્દીના ઓપરેશન માટે છેલ્લો વિકલ્પ એ હતો કે જે પગમાં ફ્રેકચર છે એ એક પગની નસોને બ્લોક કરીને એક જ પગ સારી રીતે બેભાન થાય તો ઓપરેશન થાય નહીંતર અગાઉ જણાવેલ બધા જોખમોને લીધે દર્દીને ઓપરેશન કર્યા વગર રજા લેવાની થાય. પરંતુ એનેસ્થેટીસ્ટ ડોક્ટર સ્વેતા પ્રજાપતિ અને ડોક્ટર અદિતી ઝાલાવાડીયાએ છેલ્લો વિકલ્પ અમલમાં મૂકવાનું જોખમ લીધું અને ઓપરેશન થિયેટરમાં, PNS મશીનની મદદથી



Lumbar- Sacral Plexus Block આપ્યો, ત્યારબાદ ૧૫-૨૦ મિનિટમાં દર્દીનો પગ બેભાન થઈ ગયો, જે બાદ ઓપરેશન સારી રીતે પતી ગયુ અને દર્દીને ઓપરેશન બાદ વોર્ડમાં શિફ્ટ કરવામાં આવ્યા હતા. ત્યારે દર્દીના સગા પણ ખૂબજ સંતોષ અને આનંદમાં છે કે એમના સ્વજનને પીડામાંથી રાહત મળી.

# ઈટ્રાના ડે. ડાયરેક્ટરની રાષ્ટ્રીય હળદર બોર્ડમાં નિમણૂંક કરાઈ

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર સ્થિત આયુષ મંત્રાલય હેઠળની ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટીચિંગ એન્ડ રીસર્ચ ઈન આયુર્વેદ એટલે કે ઈટ્રાના ડેપ્યુટી ડાયરેક્ટર ડો. જોબન કિશોર મોઢાની રાષ્ટ્રીય હળદળ બોર્ડના સભ્ય તરીકે નિયુક્તિ કરવામાં આવી છે.ભારત સરકારના કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે મકરસંક્રાંતિના દિને નવી દિલ્હીમાં રાષ્ટ્રીય હળદર બોર્ડની શરૂઆત કરી છે બોર્ડના પ્રથમ અધ્યક્ષ તરીકે પલ્લે ગંગા રેડ્ડીની જાહેરાત કરી હતી. બોર્ડનું મુખ્યાલય નિઝામા બાદ ખાતે સ્થાપવામાં આવ્યું છે. ગોયલે કહ્યું કે રાષ્ટ્રીય હળદર બોર્ડનું ઉદઘાટન સમગ્ર દેશમાં એક શુભ દિવસે થઈ રહ્યું છે. રાષ્ટ્રીય હળદર બોર્ડમાં વિવિધ મંત્રાલયોના પ્રતિનિધિઓને પણ સામેલ કરવામાં આવશે. જામનગર સ્થિત આયુષ મંત્રાલય હેઠળની ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટીચિંગ એન્ડ રીસર્ચ ઈન આયુર્વેદ એટલે કે ઈટ્રાના ડેપ્યુટી ડાયરેક્ટર ડો. જોબન કિશોર મોઢાની રાષ્ટ્રીય હળદળ બોર્ડના સભ્ય તરીકે નિયુક્તિ કરવામાં આવી છે જે માત્ર જામનગર જ નહીં પરંતુ સમગ્ર ગુજરાત માટે એક ગૌરવપ્રદ બાબત



છે.

આ તકે સંસ્થાના ઈન્ચાર્જ નિયામક પ્રો. બી. જે. પાટગીરી દ્વારા ડો. જોબન કિશોર મોઢાને અભિનંદન સહઃ શુભકામનાઓ પાઠવવામાં આવી હતી. હળદર બોર્ડની રચનાના પ્રસંગે કેન્દ્રીય ગૃહ રાજ્ય મંત્રી બંડી સંજય કુમાર અને નિઝામાબાદના સાંસદ અરવિંદ ધર્મપુરી પણ હાજર હતા. ભારત વિશ્વમાં હળદરનો સૌથી મોટો ઉત્પાદક, વપરાશકરતા અને નિકાસકાર છે અને વિશ્વ વેપારમાં તેનો હિસ્સો ૬૨ ટકાથી વધુ છે.

૨૦૨૩-૨૪ દરમિયાન દેશમાંથી ૨૨૬.૫ મિલિયન ડોલરની કિંમતની ૧ લાખ ૬૨ હજાર ટન હળદર અને હળદરના ઉત્પાદનોની નિકાસ કરવામાં આવી હતી.

# જેતપુરમાં પાડોશીએ ચોરી કરેલા ઘરેણાં ગિરવે મુકી લોન લઈ લીધી

■ ૪ તોલા સોનાની થઈ હતી ચોરી, થોડાં ઘરેણાં વેચી માર્યા

**મુખ્ય સમાચાર,જેતપુર**

જેતપુરમાં થયેલ ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલાયો છે. આરોપીએ ચોરી કરેલ સોનાનો હાર મુથુટ ફાયનાન્સમાં મુકી લોન લઈ લીધી હતી. કણકીયા પ્લોટમાં પાડોશી શખ્સએ જ શ્રમિક પરિવારના ઘરમાંથી ૪ તોલા સોનાના ઘરેણાંની ચોરી કરી હોવાની કબૂલાત આપી છે.

જેતપુર કણકીયા પ્લોટ, વાઘવાણી હોસ્પિટલની સામે રહેતા કાંતાબેન ઉર્ફે કીરણબેન વિજયભાઈ સરવૈયા (ઉ.વ.૪૧)એ પોલીસમાં ફરિયાદ આપતાં જણાવેલ કે, હું અને મારા પતિ વિજયભાઈ મોહનભાઈ સરવૈયા મજુરી કામે ગયા હતા ત્યારે કોઈ ચોર ઈસમે અમારા ઘરમાં ઘુસી કબાટની અંદર તિજોરીમાં રાખેલ સોનાના ઘરેણા ચોરી કરી લીધા હતા.

જેમાં સોનાનો અઢી તોલાનો હાર, અડધા તોલાની સોનાની વીંટી, બે જોડી સોનાની બુટી, એક જોડી કાનમાં પહેરવાની જોડી-૧ નંગ-૨ એમ બુટી મળી કુલ ૪ તોલા દાગીના કોઈ અજાણ્યો ઈસમ અમારા ઘરમાં ગેરકાયદેસર પ્રવેશ કરીને ચોરી કરી લઈ ગયેલ. અમે ઘર મેળે તપાસ કરી હતી પણ દાગીના ન મળતા પોલીસ ફરિયાદ કરી છે.

જેતપુર સિટી પીઆઈ એ. બી. પરમાર અને તેમની ટીમને ચોરીની જાણ થતા જ સ્થળ તપાસ કરી આસપાસના સીસીટીવી ચેક કર્યા હતાં. પડોશમાં રહેતા શખ્સોને ઉઠાવી શકમંદોની પુછપરછ શરૂ કરી હતી. જેમાં આરોપી વનરાજ સરવૈયાની આગવી ઢબે પોલીસે સરભરા કરતા ચોરીની કબૂલાત આપી હતી. આરોપી વનરાજએ ફરિયાદીના ઘર પર નજર રાખી હતી. તે તેનો પાડોશી જ હોવાથી ઘર ક્યારે બંધ હોય છે. તેની ચાવી ક્યાં રાખે છે તે તમામ વિગત મેળવી ઘરે કોઈ નહોતું ત્યારે ચાવી વડે દરવાજો અને કબાટની તિજોરી ખોલી સોનાના દાગીના ચોરી કર્યા હતા. આમાંથી સોનાનો હાર આરોપી વનરાજએ તેના મિત્ર આરોપી યુવરાજ મોયાને આપી દીધો હતો અને યુવરાજએ આ હાર મુથુટ ફાયનાન્સમાં ગીરવે મુકી રૂ.૧.૧૫ લાખની લોન લીધી હતી. બીજા દાગીના વનરાજએ એક સોની વેપારીને વેચ્યા હતા. પોલીસે તે દાગીનાની રિકવરી કરવા તજવીજ હાથ ધરી હતી.

# વાંકાનેરના મહિકા ગામે કપાતર પુત્રોએ પિતા અને ભાઈ સહિત ત્રણ ઉપર ધોકા-પાઈપ વડે હુમલો કર્યો



વાંકાનેર તાલુકાના મહિકા ગામે પિતાએ જમીન વેચાણ કર્યા અંગે પુત્રોને સારું નહીં લાગતા પિતા અને ભાઈ કારમાં મહિકાથી કાનપર અલ્ટો કારમાં જતા હોય ત્યારે બંને પુત્રો દ્વારા કારને આંતરી કાર સવાર પિતા અને ભાઈ સહિત ત્રણને લાકડાના ધોકા તથા લોખંડના પાઇપ વડે માર મારી ઈજાઓ પહોંચાડી કારમાં પણ નુકસાની કરી હતી, હાલ વાંકાનેર તાલુકા પોલીસે બંને આરોપીઓ સામે ગુનો નોંધી તેની અટક કરવા તજવીજ હાથ ધરી છે. મળતી માહિતી અનુસાર, મૂળ વાંકાનેરના મહિકા ગામના વતની હાલ સુરત ઉન પાટીયા રાહત સોસાયટી બિલ્ડીંગ નં ટી-૧૦૧ માં રહેતા ઈમુદીનભાઇ હબીબભાઇ બાદી ઉવ.૪૦ એ વાંકાનેર તાલુકા પોલીસ મથકમાં આરોપી સીદીકભાઇ હબીબભાઇ બાદી તથા આરોપી ઉવેશભાઇ હબીબભાઇ બાદી રહે.બન્ને મહિકા ગામ વાળા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી, જે મુજબ ફરીયાદી ઈમુદિનભાઈના પિતા હબીબભાઈના નામે મહિકા ગામે જમીન આવેલ હોય જે જમીન વેચાણ કરેલ હોય જેથી તેના દસ્તાવેજ માટે તા.૧૬/૦૧ના રોજ સુરતથી ઈમુદિનભાઈ તથા તેના પિતા હબીબભાઈ મહિકા ગામ આવ્યા હોય, ત્યારે જમીન વેચાણ બાબતે બંને આરોપીઓને સારુ નહિ લાગતા ઈમુદિનભાઈ તેમનો મિત્ર અને તેમના પિતા પોતાની અલ્ટો કાર રજી.નં. જીજે-૦૩-એમઆર-૨૪૯૨ લઈને મહિકાથી કાનપર તરફ જતા હતા ત્યારે રસ્તામા આરોપી સીદીકભાઈએ મોટર સાયકલ આડુ રાખી લોખંડના પાઇપ વડે અલ્ટો કારના દરવાજાના તથા આગળનો કાચ તોડી નાખી નુકશાન કરી ઈમુદિનભાઈને હાથની આંગળીમા ઇજા કરી તેમજ ખંભાના ભાગે પાઇપ મારી મુંઢ ઇજા કરેલ અને તના પિતા હબીબભાઇને બંને આરોપીઓએ હાથમા લોખંડનો પાઇપ અને વાસામા લાકડાનો ધોકો મારી મુંઢ ઇજાઓ કરી તેમજ ઈમુદિનભાઈના મિત્ર મહેબુબભાઇને હાથમા તથા મોઢામા તથા ખંભાના ભાગે ઇજાઓ કરી એકબીજાની મદદગારી કર્યા અંગેની ફરિયાદ નોંધાવતા પોલીસે બંને આરોપીઓ સામે ફરિયાદ દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબીમાં બચુબાપાનું સેવા સ્થળ દબાણ હટાવવાની પ્રક્રિયામાં ખાલી કરાવાયું,ધારાસભ્યએ નવી જગ્યા ફાળવણી માટે ખાતરી આપી

## ધારાસભ્ય કાંતિભાઈ અમૃતિયાએ સ્થળ પર જઈ બચુબાપાના નિસ્વાર્થ સેવાભાવને બિરદાવ્યું

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબીમાં દબાણ હટાવવાની કામગીરી દરમિયાન ૫૦ વર્ષથી નજીવા દરે ભોજન સેવા આપતા બચુબાપાનું સેવા સ્થળ ખાલી કરાવાયું હતું. જે બાદ ધારાસભ્ય કાંતિભાઈ અમૃતિયાએ સ્થળ ઉપર જઈને બચુબાપાને તેમના સેવા-કાર્ય માટે પ્રોત્સાહન આપી નવી જગ્યા ફાળવવાની ખાતરી આપી હતી.

મોરબીમાં મહાનગરપાલિકા દ્વારા દબાણ હટાવવાની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. આ પ્રક્રિયા દરમિયાન, શહેરના સ્ટેશન રોડ પર છેલ્લા ૫૦ વર્ષથી ટોકન દરે ભરપેટ ભોજન સેવા આપી રહેલા બચુબાપાનું નાનું અન્નક્ષેત્ર(કેબિન જેવો સમીયાણો) ખાલી કરાવાયું હતું. ૭૩ વર્ષના બચુબાપા તેમના ભોજનાલયમાં જ રહેતા અને જાતે



જમવાનું બનાવીને દરરોજ ગ્રાહકોને નજીવા ટોકન દરે ભરપેટ જમાડતા હતા.

ત્યારે મોરબીના ધારાસભ્ય કાંતિભાઈ અમૃતિયા સ્થળ પર પહોંચ્યા હતા અને બચુબાપાની મુલાકાત લીધી હતી. જ્યાં ધારાસભ્યએ બચુબાપાની નિઃસ્વાર્થ સેવાભાવના ઉદાત્ત કાર્યો માટે પ્રોત્સાહિત કરી અને તેમને આ સેવાઓ ચાલુ રાખવા માટે નવી જગ્યા ફાળવવા ખાતરી આપી હતી. આ સાથે ધારાસભ્યએ બચુબાપાને સન્માન આપી જણાવ્યું હતું કે બચુબાપાની જનસેવાની ભાવનાને મારુ વંદન સાથે તેમની સત્યનિષ્ઠ પરમ સેવા માટે અભિનંદન, બચુબાપાનું જીવનદ્રષ્ટિ અને નિઃસ્વાર્થ સેવાભાવ બધા માટે પ્રેરણાદાયી છે.

# જામનગરમાં ડ્રગ્સ વિરોધી અભિયાન



જામનગર એસપી, ડીવાયએસપી તેમજ એનજીઓના સદસ્યોએ કર્યુ સાયકલીંગ.જામનગરના રણમલ તળાવની પાળે ઈન્વિન્સીબલ એનજીઓ દ્વારા શરૂ કરવામાં આવેલી ડ્રગ્સ અવેરનેસ ઝુંબેશ અંતર્ગત સાયકલીંગ રાખવામાં આવ્યું હતું. દેશભરમાં ૧૪૦૦ કિલોમીટર સાયકલીંગના નિર્ધારથી શરૂ કરાયેલા આ કાર્યક્રમમાં ગઈકાલે જામનગરના એસપી પ્રેમસુખ ડેલુ, ડીવાયએસપી જે.એન. ઝાલા સહિતના પોલીસ અધિકારીઓએ સાયકલીંગ કરી ડ્રગ્સથી દૂર રહેવા યુવાઓને અનુરોધ કર્યો હતો.

# જૂની અદાવતનો ખાર રાખી ફ્રુટના વેપારી સહિત બે વ્યક્તિઓને ધારીયા વડે માર મારી ધમકી અપાઈ

મોરબીમાં લાતી પ્લોટ મેઈન રોડ ઉપર ફ્રુટના વેપારી સહિત બે વ્યક્તિઓ મોટર સાયકલ લઈને જતા હોય ત્યારે અગાઉની માથાકૂટનો ખાર રાખી સ્વીફ્ટ કારમાં આવેલ શખ્સે ધારીયા વડે બંનેને માર મારી ફ્રેકચર જેવી ઈજાઓ પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપનાર વિરુદ્ધ સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. પ્રાપ્ત વિગતો અનુસાર મોરબીના પંચાસર રોડ ભારતપરામાં રહેતા જુબેરભાઈ ઉર્ફે બાબુડો મહેબૂબભાઈ માચક ઉવ.૨૫ અને સાહેદ ગઈકાલ તા.૧૬/૦૧ના રોજ મોટર સાયકલ ઉપર લાતીપ્લોટ મેઈન રોડ ઉપરથી પસાર થતા હોય ત્યારે આરોપી શાહરૂખ ઘાંચી રહે.મીલન પાર્ક વાવડી રોડ મોરબીવાળો સ્વીફ્ટ કારમાં સામે આવ્યો હતો, ત્યારે અગાઉ આ આરોપી સાથે સામુ જોવા બાબતે જુબેરભાઈને બોલાચાલી થયેલ હોય જેનો ખાર રાખી પોતાના હવાલાવાળી સ્વીફટ ગાડી લઈ આવી તેમાથી લોખંડનુ ધારીયુ લઈ નીચે ઉતરી જુબેરભાઈ સાથે ગાળા ગાળી કરવા લાગ્યો હતો તેમજ તેની પાસે રહેલ લોખંડના ધારીયા વતી હુમલો કરી જુબેરભાઈને હાથના ખંભાના ભાગે ફ્રેકચરની ગંભીર ઈજા પંહોચાડી તથા પીઠની પાછળના ભાગે મુંઢ ઈજા પંહોચાડી તથા સાહેદને ધારીયા વડે હાથે મુંઢ ઈજા પંહોચાડી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. હાલ જુબેરભાઈએ આરોપી શાહરુખ ઘાંચી વિરુદ્ધ સીટી એ ડિવિઝન પોલીસ સમક્ષ ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપી સામે ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબીના શાપર ગામે પેન્ટના નેફામાં વિદેશી દારૂની બોટલ લઈ નીકળેલ યુવક પકડાયો

મોરબી તાલુકાના સાપર ગામ નજીક તાલુકા પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય ત્યારે આલ્ફાન્સો કારખાના સામે શંકાસ્પદ હાલતમાં પસાર થતા એક ઈસમને રોકી તેની અંગ ઝડતી લેતા પેન્ટના નેફામાંથી વિદેશી દારૂ સિગ્નેચર પ્રીમિયમ વ્હિસ્કીની એક બોટલ કિ.રૂ.૯૬૭/- મળી આવી હતી જેથી આરોપી કિશોરભાઈ બચુભાઈ બડોધરા ઉવ.૨૯ રહે.હળવદ તાલુકાના જોગડ ગામવાળાની સ્થળ ઉપરથી અટકાયત કરવામાં આવી હતી, આ સાથે તાલુકા પોલીસે આરોપી પાસેથી વિદેશી દારૂની બોટલ કબ્જે લઈ તેની વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ ચલાવી છે.

# શનિવારથી સામાન્ય સભામાં નવા નિયમો, રોજકામની નકલ જોવાની ફી પ્રતિ કલાક રૂા.૧૦૦

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાની ગત તા.૧૮/૦૭/૨૦૨૪ની સામાન્ય સભામાં મંજુર કરવામાં આવેલા ઠરાવો સુધારા-વધારા સાથે રાજય સરકાર દ્વારા ગેઝેટમાં પ્રસિધ્ધ કરી દેવામાં આવતા આગામી શનિવારે મળનાર જનરલ બોર્ડમાં નવા નિયમોની અમલવી શરૂ કરવામાં આવશે તેમ મેયર નયનાબેન પેઢડીયાની યાદીમાં જણાવાયું છે.મહાનગરપાલિકાએ કોર્પોરેશનની રોજ કામ બુક જોવા માટે પ્રત્યેક કલાકના રૂા.બે હજાર ફી નિયત કરી હતી જે રાજય સરકારે ઘટાડીને કલાકના રૂા.૧૦૦ કરી નાખી છે. પરંતુ રોજકામની કાયદા વિષયક બાબતો સભ્યો સિવાય અન્ય કોઈ માટે ખુલ્લી રાખી શકાશે નહીં.

આ ઉપરાંત જનરલ બોર્ડની પ્રેક્ષક ગેલેરીમાં પ્રવેશ માટે દરેક અરજદારનું નામ, સરનામું, સંપર્ક સહીતની વિગતો પત્રકમાં ભરી ઓળખપત્રની પ્રમાણિત નકલ આપવાની રહેશે.

તેમજ પ્રેક્ષક ગેલેરીમાં મોબાઈલ, કેમેરા, ઈલેકટ્રોનીક ઉપકરણો, પ્લેબોર્ડ, હોર્ડીંગ, પ્લેકાર્ડ, સાઈન બોર્ડ લઈ જવાની મનાઈ ફરમાવાઈ છે. પ્રેક્ષક ગેલેરીમાં નિયમ ભંગ સહીતની બાબતોમાં નિર્ણય લેવા અધ્યક્ષને સતા અપાઈ છે.

મહાનગરપાલિકામાં મહીલા કોર્પોરેટરોની સંખ્યા વધતા અગ્નીશામક દળમાંથી ચાર માર્શલની મેયર નિમણુંક કરે તેવો ઠરાવ કરાયો હતો. જેમાં સુધારા સાથે સરકારે અગ્નિશામક દળ કે સુરક્ષા વિભાગમાંથી કે અન્ય વિભાગમાંથી છ પુરૂષ માર્શલ તેમજ બે મહીલા માર્શલની નિમણુંક કરવાની સતા મેયરને આપવામાં આવી છે.

# ગીર સોમનાથના દ્રોણેશ્વરમાં મુખ્યમંત્રીના હસ્તે નૂતન કન્યા છાત્રાલયનું ખાતમુહૂર્ત

**મુખ્ય સમાચાર,રાજકોટ**

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે એસ.જી.વી.પી.ના સંત માધવપ્રિયદાસજી સ્વામી તથા મહાનુભાવોની પ્રેરક ઉપસ્થિતિમાં અત્યાધુનિક સુવિધાઓ સાથેના કન્યા છાત્રાલયનું આજે સાંજે ખાતમુહૂર્ત કર્યું હતું.

ગીર સોમનાથ જિલ્લાના ગીર ગઢડા તાલુકાના નયનરમ્ય સ્થળ દ્રોણેશ્વરમાં સંસ્કૃતિ, સંસ્કાર, સદવિદ્યાના ત્રિવેણી સંગમ એવા એસ.જી.વી.પી., ગુરુકુળ ખાતે ગુરુકૂળની વિદ્યાર્થીનીઓની બેન્ડની સૂરાવલીઓ વચ્ચે આ ખાતમુહૂર્ત સંપન્ન થયું હતું.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સંસ્કારયુક્ત શિક્ષણના પાયા સમાન નૂતન કન્યા છાત્રાલયના ખાતમુહૂર્ત અવસરે જણાવ્યું હતું કે, દરેક સમસ્યાનું સમાધાન જ્ઞાન છે. જીવન વ્યવહારના તમામ પ્રશ્નોનો ઉકેલ શિક્ષણ દ્વારા આવી શકે છે, ત્યારે સ્વામિનારાયણ ગુરુકુળ દ્વારા ગીર ગઢડાના અંતરિયાળ વિસ્તારમાં દીકરીઓ માટેનું છાત્રાલય બનાવવા માટેનું કદમ નવા અધ્યાયની શરૂઆત સમાન છે.

આ ગુરુકુળ દ્વારા આ છેવાડાના વિસ્તારમાં ૫૧ ગામના ૧૦ હજાર દીકરાઓને શિક્ષણ આપવામાં આવે છે, તે સાથે હવે ગુરુકુળ પરંપરાને આગળ ધપાવતા દીકરીઓને પણ ઉત્તમ પ્રકારનું શિક્ષણ છાત્રાવાસ સાથે અહીં ઉપલબ્ધ થવાનું છે તે આપણા સૌ માટે ગૌરવની વાત છે તેમ તેમણે હર્ષભેર જણાવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, અત્યારે સમાજમાં ભણતર સાથે ચારિત્ર્ય ઘડતરની પણ એક પ્રકારની ચિંતા હોય છે, પરંતુ સ્વામિનારાયણ સંપ્રદાયના સાધુ-સંતોએ ગુરુકુળની વ્યવસ્થા દ્વારા એક એવી અદભુત વિરાસતનું નિર્માણ કર્યું છે કે, ગુરુકુળમાં આવનાર દીકરીનું ભણતર તો સારું થશે જ, પરંતુ ઉત્તમ ચરિત્રનું નિર્માણ થશે તે બાબતે વાલીઓ પણ નિશ્ચિત બની જાય છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ જેવા માધ્યમો દ્વારા સમાજમાં દીકરીઓના ભણતરનું પ્રમાણ વધે તે માટે પ્રયાસ કર્યો હતો. તેમાં આ એક નવો આયામ ઉમેરાયો છે.

સ્વામિનારાયણ ગુરુકુળ પરંપરામાં વડાપ્રધાન શ્રીના પવિકાસ ભી, વિરાસત ભીથ ના ધ્યેય મંત્રને પણ સાકાર થતો જોઈ શકાય છે તેમ જણાવી તેમણે દીકરીઓ માટે રાજ્ય સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલ પનમો સરસ્વતીથ અને પનમો લક્ષ્મીથ યોજનાઓનો ઉલ્લેખ કરીને તેનો પણ મહત્તમ લાભ લેવા માટે અપીલ કરી હતી.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, ૭૫ માં બંધારણ દિવસની ઉજવણી અવસરે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પવી ધ પીપલથ અંતર્ગત ૧૧ સંકલ્પો આપ્યાં હતાં. જેમાં એક મહત્વપૂર્ણ સંકલ્પ પવુમન લેડ ડેવલપમેન્ટથ છે. પવિકસિત ભારત માટે વિકસિત ગુજરાતથની સંકલ્પના માટે શિક્ષણ ખૂબ મહત્વનું માધ્યમ બની રહેવાનું છે તેમ તેમણે વધુમાં ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીશ્રી વધુમાં ઉમેર્યું કે, વડાપ્રધાનશ્રી કર્તવ્ય પાલન માટે પણ ખૂબ જ આગ્રહી છે. હકક સાથે કર્તવ્યનું પાલન પણ સુપેરે કરીએ ત્યારે વિકસિત




ભારતનો સંકલ્પ સાકાર કરવા માટે આપણને કોઈ તકલીફ પડવાની નથી.

વડાપ્રધાનશ્રીએ શરૂ કરેલ પવાઈબ્રન્ટ ગુજરાતથની શૃંખલા અને તેના પરિણામે ગુજરાતને વૈશ્વિક મંચ પ્રાપ્ત થયો છે. જેને કારણે ગુજરાતમાં ધંધા-રોજગાર અવિરત આગળ વધી રહ્યાં છે. તેવી સંકલ્પસિદ્ધિની વાત તેમણે રજૂ કરી હતી. મુખ્યમંત્રીએ જણાવ્યું કે, આ સંસ્થા સાથે હું ૧૯૯૫ માં મેમનગરમાં કોર્પોરેટર હતો, ત્યારથી સાથે કાર્ય કરવાનું બન્યું છે.

# ઠંડા પવનોએ લોકોને ફરી ધ્રુજાવ્યા : ૬.૩ ડિગ્રી સાથે ગિરનાર પર્વત ટાઢોબોળ

## આજે ન્યુનતમ તાપમાન વધ્યુ, પરંતુ ઠાર યથાવત : ૬ ડિગ્રી સાથે નલિયા રાજયમાં સૌથી ઠંડુ : રાજકોટમાં ૧૦.૭, જામનગર ૧૩, ભુજ ૧૧.૪, અમરેલીમાં ૧૩.૮ ડિગ્રી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

મકરસંક્રાંતિ બાદ સૌરાષ્ટ્ર-કચ્છમાં ઠંડીનો જાણે નવો રાઉન્ડ શરૂ થયો હોય તેમ ટાઢોડુ છવાયેલુ રહ્યું છે. ગઈકાલે અમરેલી, રાજકોટમાં ઠંડીએ સપાટો બોલાવ્યા બાદ આજે ન્યુનતમ તાપમાનનો પારો થોડો ઉપર આવ્યો છે, પરંતુ સુસવાટા મારતા ઠંડા પવનોના કારણે સવારથી મોટા ભાગના શહેરોમાં ઠંડીનો જોરદાર અનુભવ થઈ રહ્યો છે.

આજે રાજકોટ સહિતના શહેરોમાં તાપમાન બે આંકડામાં હતું, પરંતુ રસ્તા પર વિદ્યાર્થીઓથી માંડી નાગરિકો ગરમ કપડામાં વિંટળાયેલા જોવા મળ્યા હતા. તો ગીરનાર પર્વત પર સહેલાણીઓ ધ્રુજયા હતા.

આજે સમગ્ર રાજયમાં સૌથી ઠંડુ શહેર ફરી ૬ ડિગ્રી સાથે નલીયા રહ્યું હતું, ગીરનાર પર ૬.૩ ડિગ્રી તાપમાન હોવાથી પર્વત ઠંડોગાર બની ગયો હતો. આ સિવાય આજે અમરેલીમાં ૧૩.૮, ભાવનગરમાં ૧૬.૧૫, જામનગરમાં ૧૩, ભુજમાં ૧૧.૪, કંડલામાં ૧૩.૭, પોરબંદરમાં ૧૪, રાજકોટમાં ૧૦.૭ ડિગ્રી તાપમાન રહ્યું હતું. અમદાવાદમાં પણ ૧૩.૭, ડિસામાં ૧૦.૭, વડોદરામાં ૧૫.૮ અને સુરતમાં ૧૮.૮ ડિગ્રી પર પારો સ્થિર થયો હતો.

મકરસંક્રાંતિથી ઠંડીનો માહોલ જુનાગઢ અને જીલ્લામાં જોવા મળી રહ્યો છે. ઠંડીનો પારો ગઈકાલ માફક આજે પણ નીચે જવા પામ્યો છે. ખાસ કરીને ગિરનાર પર્વત ઉપર ૬.૩ ડિગ્રીએ નીચે ઉતરી જતા પ્રવાસીઓ ઠુંઠવાય જવા પામ્યા છે. પવનની ગતિ વધી જતા હાડ ગાળી નાખે તેવો ઠંડો પવન ફુંકાઈ રહ્યો છે.

વહેલી સવારે અને રાત્રીના ઠંડીનો પારો ગગડીને ૧૧.૩ ડિગ્રી અને મહતમ પારો ૧૩.૨ ડિગ્રીએ નોંધાયો છે. ભેજનું પ્રમાણ ૭૩ ટકા અને પવનની ગતિ પ્રતિ કલાક ૧૦.૩ કિ.મી.ની ગતિએ હીમ ભર્યો ફુંકાઈ રહ્યો છે. જનજીવન ઉપર માઠી અસર જોવા મળી રહી છે.

ભાવનગરમાં લઘુતમ તાપમાન ૩ ડીગ્રી ઊંચકાયું હોવા છતાં ઠંડો પવન ફૂંકાતા ઠંડીની તીવ્રતા યથાવત રહેવા પામી છે. ગોહિલવાડ પંથકમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન લઘુત્તમ તાપમાન ત્રણ ડિગ્રી ઊંચકાયું છે. આજે ભાવનગર છે એનું લઘુતમ તાપમાન વધીને ૧૬.૫ ડિગ્રી રહેવા પામ્યું હતું. જ્યારે સવારે વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૮૦% રહ્યું હતું અને પવનની ઝડપ ૧૨ કિ.મી. પ્રતિ કલાકની રહી હતી. ઠંડો પવન ફૂંકાઈ રહ્યો હોય ઠંડીનું મોજુ યથાવત રહેવા પામ્યું છે.



જામનગરમાં છેલ્લા ચોવીસ કલાકમાં લઘુતમમાં આંશિક ઘટાડો નોંધાતા તાપમાન નો પારો ૧૩ ડીગ્રીએ સ્થિર રહ્યો હતો. જો કે પવનની ગતિમાં ૬ કિમિ વધારો થતાં સુસવાટા મારતા પવનથી શિત લહેર છવાઈ જતા શહેરીજનો ઠંડીમાં ઠુંઠવાયા હતા.

આ સાથે તાપમાનમાં થયેલા ઘટાડા વચ્ચે ખાસ કરીને રાતથી લઈને વહેલી સવાર સુધી ઠંડીનો ચમકારો યથાવત રહ્યો હતો. આજે લઘુતમ તાપમાન આંશિક ઘટીને૧૩ ડીગ્રી, જ્યારે સતત બીજા દિવસે મહત્તમ તાપમાન ૨૫ ડીગ્રી નોંધાયું હતું. શહેરના વાતાવરણમાં ભેજનુ ૯ ટકા ઘટાડા સાથે ૬૧ ટકા રહ્યું હતું. પવનની ગતિમાં ૬ કિમીના વધારા સાથે પ્રતિકલાકની સરેરાશ ૯.૩ કિ.મી.ની રહેવા પામી છે.

# રાજકોટ ડિવિઝનના ૩ અધિકારીઓ સહિત ૯ રેલવે કર્મચારીઓ ઉત્તમ કાર્ય માટે પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર દ્વારા સન્માનિત

**મુખ્ય સમાચાર,રાજકોટ**

પશ્ચિમ રેલ્વે દ્વારા હાલ માં મુંબઈમાં ૬૯મા રેલ સપ્તાહ વિશિષ્ટ રેલ્વે સેવા પુરસ્કાર સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ દરમિયાન પશ્ચિમ રેલ્વેના જનરલ મેનેજર અશોક કુમાર મિશ્ર એ રાજકોટ ડિવિઝનના ૩ અધિકારીઓ સહિત ૯ રેલ્વે કર્મચારીઓને વર્ષ ૨૦૨૪ માં તેમના સંબંધિત ક્ષેત્રોમાં ઉત્તમ કાર્ય કરવા બદલ કાર્યક્ષમતા ચંદ્રક અને મેરિટ પ્રમાણપત્ર આપીને સન્માનિત કર્યા. પશ્ચિમ રેલ્વેના જનરલ મેનેજર દ્વારા જે રાજકોટ ડિવિઝનના ૩ અધિકારીઓને એવોર્ડ આપવામાં આવ્યો તેમાં આર્ય કિર્નેન્દુ કલ્યાણભાઈ (સિનિયર ડિવિઝનલ ફાઈનાન્સ મેનેજર), ઋષભ સિંહ ચૌહાણ (ડિવિઝનલ એન્જિનિયર), હેમંત કુમાર સિંહ કાડિયાન (ડિવિઝનલ ઓપરેશન્સ મેનેજર-ગુડ્સ) અને ૬ કર્મચારીઓ માં કેતન વસા (ડિવિઝનલ કોમર્શિયલ ઈન્સ્પેકટર-રાજકોટ), ધરમપાલ




કુમાવત (સિનિયર સેકશન એન્જિનિયર-ટ્રેક્શન), અવનીશ કુમાર (સિનિયર સેકશન એન્જિનિયર-મિકેનિકલ), કુમારેન્દ્ર સંજીવ સિંહા (સ્ટેશન માસ્ટર-રાજકોટ), વાલજી પુરાણીયા (સિનિયર પોઈન્ટ્સમેન-ઓપરેટિંગ) અને બિક્રાંત કુમાર બ્રિજનંદન પ્રસાદ (ટેકનિશિયન-સિગ્નલ અને ટેલિકોમ, રાજકોટ) નો સમાવેશ થાય છે. રાજકોટ ડિવિઝનના ડિવિઝનલ રેલ્વે મેનેજર અશ્વિની કુમારે વિશિષ્ટ રેલ્વે સેવા પુરસ્કાર મેળવનારા અધિકારીઓ અને કર્મચારીઓને અભિનંદન પાઠવતા તમામ અધિકારીઓ અને કર્મચારીઓને પોતપોતાના ક્ષેત્રનું કામ સંપૂર્ણ સમર્પણ અને ખંતથી કરવા અપીલ કરી છે જેથી રાજકોટ ડિવિઝન વિકાસના માર્ગ પર નિરંતર આગળ વધતું રહે.

# GSRTC લાઈવ ટ્રેકિંગ મોબાઈલ એપ્લિકેશન દ્વારા મુસાફરો માટે બસનું લાઈવ ટ્રેકિંગ બન્યું વધુ સરળ

## આજે ગુજરાતની ૮ હજારથી વધુ બસોમાં લાઈવ ટ્રેકિંગ સિસ્ટમ કાર્યરત છે, જેનો ગુજરાતના ૭.૫ લાખ કરતા વધુ મુસાફરો ઉપયોગ કરી રહ્યા છ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

મુસાફરોને એક રાજ્ય માંથી બીજા રાજ્યમાં, એક જિલ્લા માંથી બીજા જિલ્લામાં તેમજ પોતાના ગંતવ્ય સ્થાનથી બીજા સ્થાને સલામત અને સમયબદ્ધ રીતે પહોચાડવા ગુજરાત એસ.ટીની બસો કાર્યરત છે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન અને વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવીના નેતૃત્વમાં ગુજરાત એસ.ટી નિગમમાં અનેક આમૂલ પરિવર્તન કરવામાં આવ્યા છે. ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમ દ્વારા GSRTC લાઈવ ટ્રેકિંગ મોબાઈલ એપ્લિકેશનથ મારફતે મુસાફરોને બસનું લાઈવ ટ્રેકિંગ કરવું વધુ સરળ બન્યું છે, આજે ગુજરાતની ૮ હજારથી વધુ બસોમાં લાઈવ ટ્રેકિંગ સિસ્ટમ કાર્યરત છે, જેનો ગુજરાતના ૭.૫ લાખ કરતા વધુ મુસાફરો ઉપયોગ કરી રહ્યા છે, તેમ ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમની યાદીમાં જણાવાયું છે.

GSRTC લાઈવ ટ્રેકિંગ મોબાઈલ એપ્લિકેશનમાં મુસાફરો બસ નંબર અથવા PNR No. ની મદદથી બસનું લાઈવ લોકેશન જોઈ શકે છે. એપ્લિકેશનમાં મુસાફરે બેસવા અને ઉતારવાની વિગતો ભરી તે રૂટ પર સંચાલિત તમામ બસોનું લાઈવ લોકેશન મેળવી શકે છે. મહિલા અને વયોવૃદ્ધ મુસાફર એકલા મુસાફરી કરતા હોય તેવા સમયે ઘરના સભ્યો દ્વારા બસનું લાઈવ લોકેશન ટ્રેક કરી બસનો પહોંચવાનો સમય જાણી શકે છે. આ એપ્લિકેશન




મારફતે મુસાફરો બસનું લાઈવ લોકેશન જાણી બસ સ્ટેશન પર પહોચવાનું યોગ્ય આયોજન કરી પોતાના સમયની બચત પણ કરી શકે છે.

બસોમાં મુસાફરી કરતા મુસાફરોને બસનું લાઈવ લોકેશન મળી રહે તેમજ પરિવહન વ્યવસ્થાને વધુ અસરકારક બનાવવા માટે, GSRTC દ્વારા GSRTC Live Tracking Android અને શઘજમોબાઈલ એપ્લિકેશન મુસાફરોની સેવામાં કાર્યરત છે, જેમાં ૭.૧૯ લાખ મુસાફરો GSRTC Live Android Application તેમજ ૪૧ હજારથી વધુ મુસાફરો દ્વારા GSRTC Live iOS Applicationનો ઉપયોગ કરી રહ્યા છે, તેમ ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમની યાદીમાં વધુમાં જણાવાયું છે.

# ટમેટાંનાં હોલસેલ બજારમાં કિલોનો ભાવ રૂપિયા ૫ થયો

## ઠંડી વધતા ટમેટાંમાં એકસાથે ફાલ આવ્યોઃ રીંગણા સહિત લીલા શાકભાજીના ભાવ ઘટ્યા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટમાં છેલ્લા એક સપ્તાહથી ઠંડીનું જોર વધી ગયું છે. જેને કારણે શિયાળુ શાકભાજીની આવકમાં પણ વધારો થયો છે. હાલ માર્કેટમાં ટમેટાં, રીંગણા, કોબીજ, કોથમીર, મરચાં સહિતના લીલા શાકભાજી રાજકોટ સહિત સૌરાષ્ટ્ર અને ગુજરાતમાંથી આવી રહ્યા છે. જેને કારણે શાકભાજીના ભાવમાં ઘટાડો થયો છે.

ગત સપ્તાહે ઠંડીનું પ્રમાણ વધ્યું જેને કારણે ટમેટાંમાં ફાલ એકસાથે આવી ગયો. આથી સ્થાનિક આવક વધી તો બીજી તરફ ખેડાથી પણ ટમેટાંની આવક વધારે થઈ રહી છે.જેને કારણે હોલસેલ માર્કેટમાં કિલોનો ભાવ રૂ.૫થી ૮ થઈ ગયો છે. હાલ શિયાળો અને લગ્ન સિઝન હોવાને કારણે લીલા શાકભાજીની ખરીદી પણ વધી રહી છે તેમ યાર્ડના ઈન્સ્પેક્ટર કાનાભાઈ ચાવડા જણાવે છે.

કોબીજ અને ફ્લાવર સહિત જે શાકભાજીના પૂરતા ભાવ મળતા નથી. તેને વેચવા ખેડૂતો યાર્ડે ધક્કો પણ નથી ખાતા. કોબીજ અને ફ્લાવર યાર્ડને બદલે ગૌશાળાએ મોકલી દે છે. યાર્ડમાં પણ જે શાકભાજી વધે છે તે ટ્રક-વાહન ભરીને ગૌશાળાએ મોકલી દેવાય છે.

આરોગ્યના અનેક ફાયદા હોવા છતાં કોણ જાણે કેમ આજકાલ લીલા શાકભાજી અને તાજા ફળફળાદીને રોજના ખોરાકમાં જોઈએ તેટલી અગત્યતા મળતી નથી. કોઈ સ્વાદનો વાંધો કાઢે તો કોઈ સમયસર લેવાનો વાંધો કાઢે પણ સાચી હકીકત એ જ છે કે જો તમારે આજીવન તંદુરસ્ત રહેવું હોય તો અદ્ભુત ગુણો વાળા લીલા શાકભાજી અને તાજા ફળોને તમારા રોજના ખોરાકમાં



સ્થાન આપવું જ પડશે હાલ મગફળી અને કપાસની સિઝન છે.જેને કારણે યાર્ડમાં બન્નેની આવક પુષ્કળ થઈ રહી છે. જોકે પડતર માલનો નિકાલ થયા બાદ જ મગફળીમાં નવી આવક શરૂ કરવામાં આવે છે. મગફળીની પૂરતી આવક છે અને ઓઈલમિલમાં પણ પિલાણ ચાલુ હોવાને કારણે તેની ડિમાન્ડ પણ રહે છે. જેને કારણે સિંગતેલમાં સ્થિર વલણ જોવા મળ્યું છે. જ્યારે કપાસિયામાં રૂ.૧૦નો વધારો થયો છે. આ સાથે જ કપાસિયા તેલનો ડબ્બો રૂ.૨૨૧૫નો થયો છે અને પામોલીન તેલમાં રૂ.૫નો નજીવો વધારો થયો છે. જેને કારણે પામોલીન તેલનો ડબ્બો રૂ.૨૧૮૦ થયો છે. કપાસિયા અને પામોલીન તેલ વચ્ચે રૂ.૩૫નો જ તફાવત રહ્યો હતો.

# રાજકોટ કે.ટી. ચિલ્ડ્રન હોસ્પિટલમાં દિવ્યાંગ સાધન સહાય મુલ્યાંકન કેમ્પની શરૂઆત

## આગામી બે દિવસ સુધી ચાલનારા આ કેમ્પનો ગુરુવારે વોર્ડ ૧ થી ૭ના ૪૦૦થી વધુ દિવ્યાંગોએ લાભ લીધો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

દિવ્યાંગોને તેમના વિસ્તારમાં સાધન સહાય તેમજ યોજનાકીય સહાયના લાભો મળી રહે, તેવા ઉમદા ઉદેશ્યથી રાજકોટ જિલ્લા કલેક્ટરશ્રી પ્રભવ જોશીના નિર્દેશ મુજબ, જિલ્લાના દરેક તાલુકામાં દિવ્યાંગ સાધન સહાય મુલ્યાંકન કેમ્પ યોજાઈ રહ્યા છે. જે અન્વયે રાજકોટ મહાનગરમાં આજે ગુરુવારે જૂની કે.ટી. ચિલ્ડ્રન હોસ્પિટલ, સિવિલ હોસ્પિટલ ખાતે દિવ્યાંગ સાધન સહાય મૂલ્યાંકન કેમ્પ યોજાયો હતો. જેનો વોર્ડ ૧ થી ૭ના ૪૦૦થી વધુ દિવ્યાંગોએ લાભ લીધો હતો.

રાજકોટના પ્રાંત-૧ અધિકારી સુશ્રી ચાંદની પરમારની યાદીમાં જણાવ્યા પ્રમાણે, દિવ્યાંગ લાભાર્થીઓને નિઃશુલ્ક સહાયક



ઉપકરણ મળી રહે, તેવા ઉદેશ્ય સાથે જિલ્લા કલેક્ટર શ્રી પ્રભવ જોષીના માર્ગદર્શનમાં સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય ભારતની એ.ડી.આઈ.પી. સ્કીમ હેઠળ દિવ્યાંગ સાધન સહાય મૂલ્યાંકન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે, જે આગામી બે દિવસ સુધી ચાલશે.

અલીમ્કો-ઉજ્જૈનના સહયોગથી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આજે ગુરુવારે ૧૬મી જાન્યુઆરીએ કે.ટી. ચિલ્ડ્રન હોસ્પિટલ, સિવિલ હોસ્પિટલ કેમ્પસ ખાતે નિઃશુલ્ક દિવ્યાંગ સહાયક ઉપકરણ માટે એસેસમેન્ટ કેમ્પ યોજાયો હતો. જેમાં રાજકોટ શહેરના વોર્ડ નંબર ૧થી ૭ના કુલ ૪૨૭ લાભાર્થીઓએ લાભ લીધો હતો. જેમાં ૧૫૯ લાભાર્થીઓના નવા ડોક્ટરી સર્ટી/ઞઉઈઉ ઈસ્યુ કરવામાં આવ્યા. જ્યારે બે ડ્ઢઉંઅઢ કાર્ડ ઈસ્યુ કરવામાં આવ્યા હતા. ઉપરાંત ૦૩ આભા કાર્ડ ઈશ્યૂ કરવામાં આવ્યા હતા. આ સાથે આવકના ૨૨૩ દાખલા કાઢવામાં આવ્યા હતા.

એલિમ્કો દ્વારા મોટરાઈઝ બેટરી બાઈક, ટ્રાઈસીકલ, વ્હીલચેર, ટી એલ એમ કીટ, કાખ ઘોડી, વોકિંગ સ્ટિક, હિયરિંગ એડ, સુગમ્ય કેન, સિલિકોન ફોમ, ટેટ્રા પોર્ડ, સેલ ફોન, અઉક કીટ, ફોલ્ડેબલ વોકર, જોયસ્ટીક વ્હિલચેર, ટ્રીપોડ સાઈઝ વગેરે ૨૬૫ લાભાર્થીઓને સહાયક ઉપકરણ મંજુર કરવામાં આવ્યા છે. સમાજ સુરક્ષા કચેરી દ્વારા ૨૨ લાભાર્થીઓ માટે યોજનાકીય લાભો મંજુર કરવામાં આવ્યા છે.

મહત્ત્વનું છે કે, રાજકોટ મહાનગરમાં હજુ બે દિવસ જૂની કે.ટી. ચિલ્ડ્રન હોસ્પિટલ (સિવિલ હોસ્પિટલ) ખાતે સવારે ૯ થી સાંજે પાંચ સુધીમાં દિવ્યાંગ સાધન સહાય મૂલ્યાંકન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ૧૭મી જાન્યુ.એ વોર્ડ નં.૮થી ૧૪ના દિવ્યાંગજનોએ તથા ૧૮મી જાન્યુ.એ વોર્ડ નં.૧૫થી ૨૩ના દિવ્યાંગજનો કેમ્પનો લાભ લેવા અનુરોધ કરાયો છે.

નોંધનીય છે કે, રાજકોટ મહાનગર બાદ ઉપલેટા તાલુકાનો દિવ્યાંગ સાધન સહાય મુલ્યાંકન કેમ્પ ૨૦મી જાન્યુઆરીએ સવારે ૯થી પાંચ સુધી સરકારી હોસ્પિટલ ખાતે યોજવામાં આવશે. જ્યારે ધોરજી તાલુકાનો કેમ્પ ૨૧મી જાન્યુઆરીએ સરકારી હોસ્પિટલ ખાતે યોજાશે. જેતપુર તાલુકાનો કેમ્પ ૨૨મી જાન્યુઆરીએ સરકારી હોસ્પિટલ ખાતે યોજાશે.

# મનપા દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૧૨૮૫૦/-નો વહીવટી ચાર્જ વસુલ કરાયો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ (એમેન્ડમેન્ટ) રૂલ્સ-૨૦૨૧ અન્વયે તારીખ૧૫ અને ૧૬ એમ કુલ ૨ દિવસમાંત્રણેય ઝોન વિસ્તારમાં અલગ અલગ મુખ્ય માર્ગો પર સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવાનીતથા ગંદકી કરતા આસામી પાસેથી દંડ વસુલ કરવાની કામગીરી હાથ ધરવામાંઆવી હતી. જેમાં તા.૧૫/૦૧/૨૦૨૫ થી ૧૬/૦૧/૨૦૨૫ એમ કુલ ૨દિવસ દરમ્યાન ત્રણેય ઝોનમાંથી કુલ૫૪આસામીઓ પાસેથી ૨.૫૯કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૧૨૮૫૦/-નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.

સેન્ટ્રલ ઝોનનાવિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૨૦ આસામીઓ પાસેથી



૦.૯૫ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૪૯૦૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

વેસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગોપર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૨૦ આસામીઓ પાસેથી ૦.૭૬ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૪૭૫૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

ઈસ્ટ ઝોનનાવિવિધ મુખ્ય માર્ગોપર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા૧૪ આસામીઓ પાસેથી૦.૮૮કિ.ગ્રા.પ્રતિબંધિત પ્લાસ્ટીકજપ્ત કરીતથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૩૨૦૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

ઉપરોક્ત કામગીરી મ્યુનિસિપલ કમિશનરની સુચના અને નાયબ મ્યુનિસિપલ કમિશનરનામાર્ગદર્શન હેઠળ પર્યાવરણ ઈજનેર તેમજ ત્રણેય ઝોનના નાયબ પર્યાવરણ ઈજનેરના સુપરવિઝનમાં આસી. પર્યાવરણ ઈજનેર/સેનીટેશન ઓફિસરહાજરીમાં સેનેટરી ઈન્સ્પેકટર/ સેનેટરી સબ ઈન્સ્પેકટર દ્વારા કરવામાં આવેલ.

**MUKHYA SAMACHAR (DAILY EVENING)** Publisher, Editor, Printer & Owner : **RAJDEEPSINH MANOHARSINH ZALA,** Place of Publication : **4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat),** Printed At :**R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT**

# ઢોલરા અને સડક પીપળીયામાં એક અસલી અને એક નકલી ડોકટર પકડાયા

## ડો.રાજુ ચૌહાણ પાસે હોમિયોપેથીક ડિગ્રી હોવા છતાં એલોપેથીક દવાઓ આપતો, ધો. ૧૦ પાસ રાજેશ મારડીયા વગર ડિગ્રીએ દર્દીની સારવાર કરતો



**મુખ્ય સમાચાર,રાજકોટ**

ગોંડલના સડકપીપળીયા ગામેથી એએલોપથીની પ્રેકટીસ કરતાં હોમિયોપેથીક તબીબને ઝડપી લીધો હતો અને લોધીકા તાલુકાના ઢોલરા ગામેથી ધો.૧૦ પાસ નકલી ડોક્ટરને પણ સકંજામાં લીધો હતો.

સડકપીપળીયા ગામે બીએચએમએસની ડીગ્રી ધરાવતા ડો.રાજુ રાણાભાઈ ચૌહાણ (ઉ.વ.૨૯, રહે. હાલ ભરૂડી, મૂળ નવા રાજપરા, તા. તળાજા) એલોપેથીક્ની પ્રેક્ટીસ કરતાં હોવાની માહિતી મળતાં રેડ કરી હતી. ડો.રાજુએ રાજસ્થાનના ગંગાનગર ખાતેથી ડીગ્રી મેળવી છે. આ પ્રકારની ડીગ્રી ધરાવનાર એલોપથીની પ્રેક્ટીસ કરી શકે નહીં. જેથી કાર્યવાહી કરવામાં આવી છે. એસઓજીએ લોધીકાના ઢોલરા ગામેથી ધો.૧૦ પાસ નકલી ડો. રાજેશ ભીખાભાઈ મારડીયા (ઉ.વ.૩૭, રહે. મવડી ચોકડી, આર.કે. એમ્પાયરની પાછળ, જલારામ સોસાયટી-૧,રાજકોટ)ને ઝડપી લીધો હતો. રાજેશ અગાઉ રાજકોટની ખાનગી હોસ્પિટલમાં નોકરી કરતો. ત્યાંથી અનુભવ લઈ ઢોલરામાં ડોકટર તરીકે છેલ્લા પાંચ વર્ષથી પ્રેક્ટીસ કરે છે. બંને ડોકટરોને ત્યાંથી જુદા-જુદા પ્રકારની એલોપથીની દવાઓ, ઈન્જેક્શનો અને બાટલાઓ વગેરે મળી કુલ રૂ.૩૨,૩૩૩નો મુદ્દામાલ કબજે કર્યો હતો.આ કામગીરી એસપી હિમકર સિંહની સૂચનાથી એસ.ઓ.જી. પીઆઈ એફ.એ.પારગી, પીએસઆઈ બી.સી.મિયાત્રા, એ.એસ.આઈ. જયવિરસિંહ રાણા, અમીતભાઈ કનેરીયા, ઈન્દ્રસિંહ જાડેજા, સંજયભાઈ નિરંજની, અતુલભાઈ ડાભી, હેડ.કોન્સ. હિતેશભાઈ અગ્રાવત, પ્રહલાદસિંહ રાઠોડ, અરવિંદભાઈ દાફડા, શીવરાજભાઈ ખાચર, કોન્સ્ટેબલ વિજયગીરી ગોસ્વામી, રઘુભાઈ ઘેડ, ચીરાગભાઈ કોઠીવાર દ્વારા કરવામાં આવી હતી.

# મોરબીમાં ઝેરી દવા પી લઈને નવી પીપળીના આધેડનો આપઘાત

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી શહેરના સામાકાંઠે એલ.ઈ. કોલેજ રોડ પર નવી પીપળી ગામનાં ૪૮ વર્ષીય આધેડે આર્થિક સંકડામણથી કંટાળીને ઝેરી દવા પી લઈ આપઘાત કરી લીધો હતો. બનાવ મામલે પોલીસે વધુ તપાસ ચલાવી છે. બનાવની પ્રાપ્ત વિગતો મુજબ મોરબી તાલુકાના નવી પીપળી ગામે ધર્મગંગા સોસાયટીમાં રહેતા અભયભાઈ બાલાશંકર દવે (ઉ.વ.૪૮) નામના આધેડે મોરબીના સામાકાંઠે આવેલ અગ્નેશ્વર મહાદેવ મંદિર નજીક ઝેરી દવા પી લેતા બેભાન હાલતમાં સારવાર માટે હોસ્પિટલ ખસેડાયા હતા. જ્યાં ફરજ પરના ડોકટરે જોઈ તપાસીને આધેડને મરણ ગયેલ જાહેર કર્યા હતા. બનાવ મામલે પોલીસ પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ મૃતકના ધંધો વેપાર બરોબર ચાલતો ના હતો. જેથી આર્થિક સંકડામણથી કંટાળી દવા પી લેતા મોત થયાનું ખુલ્યું છે. મોરબી સીટી બી ડીવીઝન પોલીસે બનાવ મામલે વધુ તપાસ ચલાવી છે.

# પશુ માટે ખોળ લઈને જતાં માલધારી યુવકનું ટ્રક અડફેટે મોત

## લાપાસરી રોડ પર ગૌશાળા નજીકનો બનાવઃ મૃતક વૈદરાજભાઈ માલાણી પશુ પાલનનું કામ કરતાં હતાં

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટનાં લપશરી રોડ પર પર રહેતાં અને પશુપાલનનું કામ કરતા માલધારી યુવક ગઈ કાલે પશુ માટેનો ખોળ લઈને જતાં હોય ત્યારે લાપાસરી રોડ પર ગૌશાળા નજીક ટ્રક ચાલકે અડફેટે લેતાં યુવકનું મોત નિપજયું હતું. બનાવની જાણ થતાં આજીડેમ પોલીસને થતાં તુરંત પોલીસ દોડી ગઈ હતી. અને જરૂરી કાર્યવાહી કરી અજાણ્યા વાહન ચાલક સામે ગુનો નોંધવાની તજવીજ હાથ ધરી છે.

બનાવ અંગે મૃતકના પરિવારમાં શોકનું મોજુ ફરી વળ્યુ છે. બનાવની પ્રાપ્ત વિગતો મુજબ લપશરી રોડ પર બેકબોન ભેડીયાની સામે રહેતાં વૈદરાજભાઈ કાળુભાઈ માલાણી (ઉ.વ.૪૩) તેઓ ગઈ કાલ બપોરનાં ટુ વ્હીલર લઈને જતા હતા ત્યારે અઢી વાગ્યાની આસપાસ લાપાસરી રોડ પર ગૌશાળાની પાસે ટ્રક ચાલકે ઠોકરે ચડાવતાં વૈદરાજભાઈ ને ગંભીર ઈજાઓ પહોંચી હતી.

બનાવ સ્થળે લોકોના ટોળાં એકઠા થઈ ગયા હતા. અને યુવકને લોહિ લુહાણ હાલતમાં તાકિદે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. પરંતુ સારવાર કારગત નીવડે તે પહેલાં જ દમ તોડી દિધો હતો. બનાવની જાણ આજીડેમ પોલીસને થતાં પોલીસ તુરંત દોડી ગઈ હતી. અને જરૂરી કાગળો કરી મૃતદેહને



પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો. અને તપાસ હાથ ધરી હતી.

જે તપાસમાં મૃતક યુવકને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે.તે પશુપાલનનો વ્યવસાય કરતા હતા. ગઈ કાલ બપોરે પશુ માટેનો ખોળ લઈ ઘરે જતાં હોય ત્યારે ટ્રક ચાલકે બાઈક સવાર વૈદરાજભાઈને અડફેટે લેતાં તેઓ ફંગોળાયા હતા.

# ભગવતસિંહજી ગાર્ડન પાસે હોટલમાં પેરોલ બોમ્બ ફેકનાર શખ્સો ઝડપાયો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

યુનિવર્સિટી રોડ પર ભગવતસિંહજી ગાર્ડન પાસે નકળંગ હોટેલમાં સંક્રાંતની રાત્રીના વસ્તુ લેવા આવેલા શખ્સે ૫૦ રૂપિયા આપી તને ૧૦૦ રૂપિયા આપ્યા છે કહી ડખો કરતાં હોટેલ સંચાલકે સમાધાન કરવાનું કહી ૧૦૦ રૂપિયા પાછા આપવાનું કહેતાં હું કંઇ ભિખારી નથી કહી ઝઘડો કરી અન્ય શખ્સોને બોલાવી કાચની બોટલમાં પેટ્રોલ બોમ્બ બનાવી હોટેલ પાસે ફેંકી આગ લગાડવાનો પ્રયાસ કરતાં પોલીસે ગુનો નોંધી આરોપીઓને પકડી લેવા કાર્યવાહી કરી છે.

શહેરમાં ૧૫૦ ફૂટ રિંગ રોડ પર ખોડિયારનગરમાં રહેતા અને યુનિવર્સિટી રોડ પર નકળંગ નામે ચા-પાનની હોટેલ ચલાવતા જીલાભાઈ સવાભાઈ સિરોડિયાએ જયદેવ રામાવત, ચિરાગ બાવાજી અને બે અજાણ્યા શખ્સ સામે ફરિયાદ કરી હતી. ફરિયાદમાં જણાવ્યું હતું કે, મકરસંક્રાંતિના દિવસે રાત્રીના તે હોટેલે હતા ત્યારે એક શખ્સ પાન લેવા આવ્યો હતો અને પૈસા બાબતે માથાકૂટ કરતો હોય જેથી તેને પૂછતા શખ્સે તેને ૧૦૦ રૂપિયા આપી દીધાનું જણાવ્યું હોય તેના ભાઈએ ૫૦ રૂપિયા આપી તે ૧૦૦ રૂપિયા આપ્યાનું કહી ઝઘડો કરતો હોવાનું જણાવતા તેને શખ્સને ૧૦૦ રૂપિયા આપી દેવાનું કહેતા હું કંઇ ભિખારી છું કહી ડખો કરી નાસી ગયો હતો. બાદમાં શખ્સ એક્સેસ લઈને આવી ફોન કરી બોલાવતા અન્ય ત્રણ શખ્સ આવ્યા હતા અને બાજુની શેરીમાં એકઠા થઈ કાચની બોટલમાં પેટ્રોલ ભરી સળગતી બોટલ હોટેલ તરફ ફેંકી હતી જેથી ગ્રાહકોમાં નાસભાગ મચી ગઈ હતી. હોટેલે ડખો કરનાર અન્ય ત્રણને બોલાવી હુમલો કર્યો હોવાનું અને ડખો કરનાર જયદેવ રામાવત અને ચિરાગ નામના શખ્સ હોવાનું



ખુલ્યું હતું.

ભગવતસિંહજી ગાર્ડન પાસે ઠાકરધણીના સંચાલકો અને નેપાળી ટોળકી વચ્ચે સરાજાહેર મારા મારી થતા વીડિયો વાઈરલ થતા પોલીસે બન્ને જૂથ સામે સુલેહ શાંતિનો ભંગ સહિતનો ગુનો નોંધી ૧૫ શખ્સની ધરપકડ કરી હતી. પોલીસની તપાસમાં હોટેલ પાસે ઝઘડો કરતા શખ્સોને દૂર જઈને ઝઘડો કરવાનું કહેતા આ ડખો થયો હોવાનું બહાર આવ્યું હતું. પોલીસે તમામ આરોપીને ઘટનાસ્થળે લઈ જઈ તેની પાસે રિ-કન્સ્ટ્રક્શન કરાવી કાર્યવાહી કરી હતી.

# રાજકોટથી જામનગરની રેસ લગાવી જોખમી સ્ટંટ કરતાં ૨૪ નબીરાઓને ઝડપી લેતી પડધરી પોલીસ

## હાઈવે ઉપર ધૂમ સ્ટાઈલમાં બાઈક હંકારી જાનની બાજી લગાવતાઃ ૧૦ બાઈક, ૨ કાર કબજે : પૈસાની હારજીત અંગે મોબાઈલ ડીટેઈલના આધારે તપાસ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ જામનગર હાઈવે ઉપર સમયાંતરે બાઈક, રિક્ષાની રેસ જામતી હોય છે જેના વિડીયો પણ સોશ્યલ મીડિયામાં વાયરલ થતાં હોય છે ત્યારે ફરી એક ટોળકી જોખમી સ્ટંટ કરી રેસ લગાડતી હોય તેવું જિલ્લા પોલીસના ધ્યાને આવતા પડધરી પોલીસે રાજકોટ-જામનગરના ૨૪ નબીરાઓને ઝડપી લઈ ગુનો નોંધી ૧૦ બાઈક અને બે કાર કબજે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. રાજકોટ - જામનગર હાઈવે ઉપર બાઈકની રેસ લગાડી જોખમી સ્ટંટ કરતાં નબીરાઓના વાયરલ વિડીયો આધારે તપાસ કરવા એસપી હિમકરસિંહે કરેલ આદેશ મુજબ એલસીબી પીઆઈ ઓડેદરા, પડધરી પોલીસ મથકના પીઆઈ એસ એન પરમાર સાહિતે તપાસ આરંભી હતી અને આવી ગેરકાયદે રેસ યોજતાં ૨૪ નબીરાઓને દબોચી લીધા હતા પોલીસે જામનગરના જીશાન હુસેનભાઈ ઈશાણી, રાજકોટના આઝાદ રાજ્યકભાઈ સમા, જામનગરના મહમદહુસેન અલ્તાફભાઈ બાઘડા, મૂળ સુરેન્દ્રનગરના હાલ રાજકોટ ભગવતીપરામાં રહેતા રામકું ટીસાભાઈ કેરાળીયા, જામનગરના સાહબાજભાઈ ઈબ્રાહિમભાઈ સેતા, મહમદહુસેન મજીદભાઈ ભૂંગરાણી, રાજકોટના સંજય મેરુભાઈ જોરા, મૂળ જામનગરના હાલ રાજકોટ કોઠારીયામાં રહેતા દર્શિત મહેન્દ્રભાઈ ચોટલીયા, ગોંડલ સડકપીપળીયા ગામના કૃણાલ મેઘજીભાઈ મારુ, ભગવતીપરાના વાહીદ સલીમભાઈ શેખ, ગંજીવાડાના અજય પ્રવીણભાઈ ચુડાસમા, ગોંડલના હુસેન ઉર્ફે એમદ આરીફભાઈ તમીમી, ધોરાજીના સાહિલ



યુનુસભાઈ નોતીયાર, ગોંડલના સમીર સરીફભાઈ ઠેબા, રાજકોટ બજરંગવાડીના અસનાદ હમીદભાઈ મિયાવા, લક મહમદબિન મુરીમાં, જામનગરના ફહીમ ઈરફાનભાઈ મુરીમાં, ગોંડલના સકીઉલ મહમદભાઈ વજુગરા, રાજકોટ બજરંગવાડીના કિશ હરેશભાઈ સોલંકી, રાજકોટ ભગવતી સોસાયટીના સાહિલ અસલમભાઈ ધંધુકિયા, મજીદ રહિમભાઈ સાંધ, દૂધસાગર રોડ પર રહેતા સાનિસ હાનિકભાઈ બાવાણી, વિરાજ સંજયભાઈ મકવાણા અને યશ લેખરાજભાઈ શર્મા વિરુધ્ધ ગુનો નોંધી ધરપકડ કરી ૧૦ બાઈક અને બે કાર કબજે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી પીઆઈ પરમારે જણાવ્યું હતુ કે આ કોઈ ગ્રુપ નથી બધા મીત્રો છે રાજકોટથી કોણ પહેલા જામનગર પહોંચે તેવી રેસ લગાડતા હતા પૈસાની હારજીત અંગે મોબાઈલ ડીટેઈલ આધારે તપાસ હાથ ધરી છે.

# લાંચના કેસમાં RMCના પૂર્વ ઈન્ચાર્જ ચીફ ફાયર ઓફિસરના જામીન મંજુર

## બદલી થઈને આવ્યાના ગણતરીના દિવસોમાં ૧.૮૦ લાખના લાંચના છટકામાં સપડાઈ ગયા હતા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટમાં ટીઆરપી અગ્નિકાંડ બાદ રાજકોટ મનપાના ચીફ ફાયર ઓફિસર ઈલેશ ખેરની ધરપકડ થઈ હતી. અને ડે.ચીફ ફાયર ઓફિસર ભીખા ઠેબાની પણ એસીબી અને અગ્નિકાંડના કેસમાં ધરપકડ થયા બાદ ખાલી પડેલી જગ્યા પર ઈન્ચાર્જ ચીફ ફાયર ઓફીસર (વર્ગ-૨) તરીકે અનીલકુમાર બેચરભાઈ મારૂની નિમણુંક થયેલી. નિમણુંકના ટૂંકા ગાળામાં જ ફાયર એનઓસી માટે રૂ.૧.૮૦ લાખની લાંચ લીધાનો તેના પર આરોપ લાગેલો. એસીબીએ ધરપકડ કરી જેલ હવાલે કરેલ. જેમાં હાઈકોર્ટે તેના જામીન મંજુર કર્યા છે.

આ કેસની ટુંકમાં હકિકત એવી છે કે, આરોપી અનીલકુમાર મારૂએ ડીસ્ટ્રીકટ ફાયર ઓફીસર, વર્ગ-૨ ત્યાર બાદ રાજકોટ મહાનગર પાલિકામાં ઈન્ચાર્જ ફાયર ઓફીસર વર્ગ-૧ તરીકે રાજકોટ ખાતે ચાર્જ સંભાળેલ. ફરીયાદી ફાયર સેફટી એજન્સીનું કામ કરતા હોય. આરોપી ઓફિસરને એટલાનટીસ હાઈટસની ફાયર સેફટી એન. ઓ.સી. આપવા માટે મળેલ અને તે બાબતે તેઓની સાથે વાતચીત કરતા તેઓએ કહેલ કે એન.ઓ. સી. મેળવવા બધા કરે છે તેમ વહીવટ કરવો પડશે.

એન.ઓ.સી. કઢાવવાના રૂ. ૩ લાખની માંગણી કરેલ. ફરીયાદીએના કહેવા મુજબ રૂ.૧.૨૦ લાખ આપેલ. બાકીના રકમ રૂ. ૧.૮૦ લાખ ચાર દિવસમાં આપી જશે તેવી વાત થયેલી. ફરિયાદીએ એસીબી કચેરીમાં ફરીયાદ કરતા છટકુ ગોઠવી એસીબીએ લાંચની રકમ સાથે અનિલ મારૂની ધરપકડ કરી હતી. જેલમાંથી આરોપીએ સેશન્સ કોર્ટમાં જામીન અરજી રદ થયા પછી હાઈકોર્ટમાં જામીન અરજી કરી હતી.



બચાવ પક્ષે દલીલ કરાઈ હતી કે, કેસમાં ચાર્જશીટ ફાઈલ કરવા માટે પ્રિવીયેશ સેંક્શન આપવામાં આવેલ ન હોય, ચાર્જશીટ થઈ ગયેલ છે. પુરાવાઓ સાથે હેમપર ટેમ્પર થઈ શકે તેમ નથી. શરતોને આધિન જામીન આપવા દલીલ કરેલ હતી. જે ધ્યાને લઈ હાઈકોર્ટે આરોપી અનિલ મારૂને શરતોને આધિન જામીન મુક્ત કરવા હુકમ કર્યો છે.

# કાલાવડ રોડ જય ભવાની ગોલાની દુકાનમાં ચોરી કરનાર ટાબરિયો પકડાયો

## ■ શટર ઉંચકાવી ૫૦ હજાર રોકડા અને મોબાઈલની થઈ હતી ચોરી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

કાલાવડ રોડ પર મહિલા કોલેજ અંડરબ્રિજ ઉપર આવેલ જય ભવાની ગોલાની દુકાનમાં થયેલી ચોરીનો ભેદ ક્રાઈમ બ્રાંચે ઉકેલી નાખી દુકાનનું શટર ઉચકાવીને ૫૦ હજાર રોકડ અને મોબાઈલની ચોરી કરનાર ટાબરિયાને ઝડપી લીધો છે.

મળતી વિગતો મુજબ કાલાવડ રોડ પર આવેલ જય ભવાની ગોલાના માલિક રાજનભાઈ કિરીટભાઈ માનસેતા (ઉ.વ.૨૫ રહે. પરાજન મકાન, પ્રગતી સોસાયટી શેરી નં.-૩, રૈયા રોડ) એ માલવિયાનગર પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં કાલાવડ રોડ પર મહિલા કોલેજની સામે આવેલ શિવ આશિષ કોમ્લેક્ષમાં જયભવાની ડ્રાઈફુટ એન્ડ ડીસ ગોલા નામની દુકાન ધરાવી વેપાર કરું છું. આ દુકાનમાં અક્ષયભાઈ ડોબરીયા તથા રવિભાઈ મેનેજર તરીકે નોકરી કરે છે અને અન્ય કારીગરો કામ કરે છે.

થોડા દિવસ પૂર્વે મેનેજર રવિભાઈ ડોબરીયાએ દુકાન બંધ કરી જતા રહેલા અને દુકાનના માલિક રજનીભાઈને રવિભાઈએ ફોનથી જણાવેલ હતુ કે, વેપારના રૂ. ૫૦ હજાર દુકાનના ડ્રોવરમાં રાખુ છું. હું સવારે આશરે અગીયાર વાગ્યે રજનીભાઈ દુકાને ગયેલ ત્યારે દુકાનનું શટર થોડું ઉંચુ હતું. જેથી શટર ખોલી અંદર જોતા માલસામાન વેરવિખેર પડેલ હતો. અને ડ્રોવર ખોલીને જોતા તેમા રૂ. ૫૦ હજાર મળી આવ્યા ન હતા. જેથી બંને મેનેજરને જાણ કરતા તેઓ દુકાને પહોંચ્યા હતા. જ્યાં રોકડ નાણાંની સાથોસાથ દુકાનનો ઓપો કંપનીનો મોબાઈલ પણ મળી આવ્યો ન હતો. જેથી દુકાનમાં ચોરી થયાનું જાણવા મળતા વેપારી યુવાને માલવિયાનગર પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. આ ચોરી અંગે પોલીસે તપાસ કરી હતી તે દરમિયાન ક્રાઈમ બ્રાંચના પીએસઆઈ વી.ડી. ડોડિયા અને તેમની ટીમે બાતમીના આધારે આ ચોરીમાં સંડોવાયેલ એક બાળ આરોપીને ઝડપીલીધો હતો. તેણે આ ચોરી કર્યાનું કબુલ્યું હતું.

# રૂ.૪.૫૦ લાખના ૭.૬૩ લાખ ચૂકવ્યા છતાં વધુ ૮.૫૦ લાખ માંગી યુવકને પાઈપથી માર માર્યો

રાજ્યભરમાં વ્યાજખોરીનું દુષણ ડામવા રાજકોટના આજી ડેમ પોલીસમાં વધુ બે વ્યાજખોરો સામે ફરિયાદ નોંધાઈ છે જેમાં યુવકે ૪.૫૦ લાખ સામે ૭.૬૩ લાખ ચૂકવી દીધા છતાં વધુ ૮.૫૦ લાખ માંગી પાઈપથી મારકૂટ કરી જો વ્યાજ સહિત પૈસા નહિ ચુકવે તો જાનથી મારી નાખીશ તેવી ધમકી આપ્યાનું જણાવતા પોલીસે તપાસ હાથ ધરી છે. રાજકોટ તાલુકાના લોધીડા ગામે રહેતા અને નોકરી કરતા સાગરભાઈ રમેશભાઈ ભાલીયા ઉ.૨૬ નામના યુવાને તેના જ ગામના ભાવેશ મનસુખભાઈ સોલંકી અને તેના ભાઈ વિપુલ મનસુખભાઈ સોલંકી સામે આજી ડેમ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે પોતાને ૨૦૨૨માં પૈસાની જરૂરિયાત ઉભી થતા ભાવેશ અને વિપુલ પાસેથી ૧૦ ટકા વ્યાજે ૪.૫૦ લાખ રૂપિયા લીધા હતા જેનું દર મહીને ૪૫ હજાર રૂપિયા વ્યાજ ચૂકવતો હતો મેં વ્યાજ સહીત ૭.૬૩ લાખ રૂપિયા ચૂકવી દીધા હતા તેમ છતાં સરધાર રોડ ઉપર બંને ભાઈઓએ ૮.૫૦ લાખની પઠાણી ઉઘરાણી કરી ઢીકાપાટુનો માર મારી પાઈપથી મારકૂટ કરી વ્યાજ સહીત રૂપિયા નહિ આપે તો તને અને તારા પરિવારને જાનથી મારી નાખીશું તેવી ધમકી આપતા ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

# એકટીવા પર જતા યુવકને ચાર શખ્સોએ સામુ કેમ જોવે છે, તેમ કહી તેના પર કર્યો હુમલો

પતંગ લઈ યુવક ઘરે જતો હતો ત્યારે પાછળથી એકટીવા ચાલક સતત હોર્ન વગાડતો હોવાથી યુવકે પોતાનું બાઈક સાઈડમાં રાખી ઉભો રહેતા બે શખસો તેની પાસે આવ્યા હતા અને બોલાચાલી કરી એકે કોઈને ફોન કરી બોલાવતા બીજા બે શખસો આવી ચારેયે યુવકને મારકુટ કરી ફોનની ડિસ્પ્લે તોડી નાખી હોવાની ફરિયાદ નોધાવતા પોલીસે ગુનો નોંધી ચારેયની શોધખોળ હાથ ધરી છે. ૪૦ ફુટ રોડ પરના ઓમનગર મેઈન રોડની પ્રજાપતિ સોસાયટીમાં રહેતા ક્રિશ બાબુભાઈ જોટાણીયા ઉ.૨૧ નામના યુવકે તાલુકા પોલીસમાં ધ્રુવ સુનીલભાઈ લાડવા, પાર્થ રાઠોડ તથા બે અજાણ્યા શખસો નામ આપી ફરિયાદ નોંધાવી છે. જેમાં મકરસંક્રાતિના દિવસે યુવક તેના મામાના દિકરા સાથે પતંગ લઈ ઘરે જતો હતો ત્યારે પાછળથી એકટીવા ચાલક હોર્ન વગાડતો હોય જેથી યુવકે પોતાનું વાહન સાઈડમાં રાખી ઉભો રહેતા બે શખસો તેની પાસે આવી બોલાચાલી કરી અન્ય બે શખસોને બોલાવતા ચારેયએ યુવકને મારકુટ કરી ફોનની ડીસ્પ્લે તોડી રૂ.૩ હજારનું નુકશાન કર્યુ હોવાની ફરિયાદ નોંધાવતા પોલીસે ચારેયની શોધખોળ હાથ ધરી છે.

# માળીયાહાટીના ભંડૂરી ગામે પૂત્રની જાનવિદાય લે એ પહેલા જ પિતાનું પ્રાણપંખેરૂ ઉડી ગયું

**મુખ્ય સમાચાર,રાજકોટ**

માળીયાહાટીના તાલુકાના ભંડુરી ગામે પૂત્રની જાન વિદાય લે એ પહેલાં પિતાનું પ્રાણપંખેરૂ ઉડી જતા આઘાતજનક બનાવથી અરેરાટીની લાગણી પસરી ગઈ છે.

માળીયાહાટીના તાલુકાના ભંડુરી ગામના સેવાભાવી કાર્યકર ભંડુરીના બ્રાંચ પોસ્ટ માસ્તર ભીખારામ મોહનદાસ હરિયાણીના પુત્ર કપિલના ચોટીલા ખાતે લગ્ન હતા.તેની જાન ભંડુરીથી ગઈકાલે સાંજે ૬:૦૦ વાગે નીકળી અને રાત્રે ૧૨:૦૦ વાગે જાન ચોટીલા પહોંચી ગઈ હતી એ પછી વહેલી સવારે ૪ વાગે વરરાજા પિતા ભીખારામ હરીયાણીની તબિયત બગડતા ચોટીલાની હોસ્પિટલમાં લઈ ગયા હતા ત્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. બીજી તરફ હરીયાણી પરિવાર કપિલના લગ્નના ગીતો ગાઈ રહ્યા હતા સગા સંબંધીઓને ભીખારામભાઈના મૃત્યુની કોઈને જાણ કરી નહોતી અને



કપિલના લગ્ન શરૂ થયા હતા. બપોરે ૧૨: વાગે લગ્નના જમણવાર પતાવીને જાન ઉ ચોટીલાથી નીકળી અને તેમની પાછળ જ તેના પિતા ભીખારામભાઈનો મૃતદેહ લઈને એમ્બ્યુલન્સ ભંડુરી આવવા નીકળી હતી.સાંજે ચાર વાગે પુત્રની જાન અને તેમના પિતાનો મૃતદેહ ભંડુરી ગામે આવી પહોંચ્યા હતા. મૃતકે પુત્રીના લગ્ન સમયે પણ શહીદ ફંડમાં અર્પણ કરી હતી. સાંજે ૭ વાગે નીકળેલી તેમની સ્મશાન યાત્રામાં મોટી સંખ્યામાં તમામ સમાજના લોકો જોડાયા હતા

# પટના મોકલવાનું ૩૯ લાખના દાગીનાનું પાર્સલ છેતરપિંડીથી ગુમ કરી ઓળવી ગર્યો

## રાજકોટના વેપારીની દિલ્હીના શખસ સામે ફરિયાદઃ સમય આપો હું પૈસા ચૂકવી દઈશ કહી કંપનીને તાળાં મારી દીધા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

અમીન માર્ગ રોડ ઉપર એસ્ટ્રોન સોસાયટીમાં રહેતા અને પેડક રોડ ઉપર બ્રાહ્મણીયાપરામાં શિવ એન્ટરપ્રાઈઝ નામે ૧૭ વર્ષથી સોના- ચાંદીના દાગીના બનાવવાની પેઢી ધરાવતા મહેશભાઈ હરજીભાઈ ગરસોંદિયાએ એપીએસ લોજિસ્ટિક કંપની દિલ્હીના બ્રાન્ચ મેનેજર અશોક ત્યાગી સામે બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ૩૯,૨૪,૯૯૫ રૂપિયાનું સોનાના દાગીનાનું પાર્સલ ગુમ કરી દઈ છેતરપિંડી આચર્યા અંગે ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદમાં જણાવ્યું હતું કે અગાઉ પાંચ વર્ષ પૂર્વે ઉદયભાઈ અમારી પેઢીએ આવેલ અને પોતાની ઉદય કાર્ગો કુરિયર કંપની છે તેમાં દાગીના મોકલજો તેમ કહેતા ચાર પાંચ વખત બિહાર-પટના દાગીનાના પાર્સલ મોકલાવ્યા હતા તે પછી તેમણે પેઢી બંધ કરી દીધી હતી દોઢેક વર્ષ પૂર્વે ઉદયભાઈ અને અશોક ત્યાગી ઓફિસે આવ્યા હતા અને પોતે એપીએસ લોજિસ્ટિક કંપની ચાલુ કરેલી છે તમારા પાર્સલ મોકલાવજો તેમ કહેતા ફરી વ્યવહાર શરૂ કર્યો હતો દરમિયાન ૩૯ લાખનું પાર્સલ મુજફ્ફરપુર બિહાર ખાતે મની અલંકાર નામની પેઢીના માલિક સૂર્યામનીભાઈને ૧૨ જુલાઈ ૨૦૨૪ના રોજ મોકલાયું હતું જે ૧૫ તારીખ સુધી નહીં પહોંચતા વેપારીએ ફોન કરતાં ઓનલાઈન કંપનીમાં ચેક કરતાં પાર્સલ દિલ્હીથી નીકળી ગયાનું દેખાડતા હતા પરંતુ ફરી તપાસ કરતાં આ પાર્સલ દિલ્હીથી પટના વચ્ચે ગુમ થયું હોવાનું જાણવા મળ્યુ હતું જેથી દિલ્હી બ્રાન્ચ મેનેજર અશોક ત્યાગીને ત્યાંથી ગુમ થયું છે તમે ત્યાં ફરિયાદ કરાવો અને નકલ મોકલાવો તેમ કહેતા હું મેનેજિંગ ડાયરેક્ટર સાથે વાત કરીને તેમ કહીશ બાદ સરખો ઉતર આપ્યો ન હતો બાદમાં અશોક ત્યાગી રાજકોટ ઓફિસે આવ્યા હતા અને મારાથી પાર્સલ ગુમ થઈ ગયું છે હું તમને એક સાથે પૈસા નહિ આપી શકું થોડા થોડા કરીને આપી દઈશ તેમ કહી સમય માંગ્યો હતો અને ચેક પણ આપ્યા હતા તે પછી ૧૮ ઓકટોબરના રોજ રાજકોટની ઓફિસે ચેક કરવા જતાં પેઢી ચાર પાંચ દિવસ બંધ કરીને જતાં રહ્યા હોવાનું જાણવા મળતા અને અશોક ત્યાગીનો ફોન પણ બંધ આવતો હોય અંતે ફરિયાદ નોંધાવી હતી.

# લોધીકાના પાંભર ઈટાળા ગામે યુવાન કુવામાં પડતા મોત

## પાણીની પાઈપલાઈનનું કામ ચાલતું હતું ત્યારે બનેલી ઘટના

લોધીકા તાલુકાના પાંભર ઇટાળા ગામે મજુરી અર્થે આવેલો શ્રમીક યુવાન અકસ્માતે કુવામા પટકાયો હતો યુવકનુ માથાના ભાગે ગંભીર ઈજા પહોંચવાથી મોત નીપજતા પરીવારમા ગમગીની છવાઈ જવા પામી હતી. આ બનાવ અંગે પોલીસમાથી જાણવા મળતી વિગત મુજબ લોધીકાના પાંભર ઇટાળા ગામે ખેત મજુરી અર્થે આવેલા હિતેન્દ્ર કિશનસિંહ રાવત નામનો ૨૧ વર્ષનો યુવાન સાંજના સાડા છએક વાગ્યાના અરસામા વાડીએ હતો ત્યારે અકસ્માતે કુવામા પડી ગયો હતો. યુવકને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમા દાખલ કરાયો હતો. જયા તેનુ મોત નીપજતા પરીવાર શોકમા ગરકાવ થઈ ગયો હતો. પ્રાથમીક પુછપરછમાં મૃતક યુવાન ૪ ભાઈમા વચેટ અને એપરણીત હતો. મધ્યપ્રદેશથી ૬ માસ પુર્વે જ મજુરી કામ અર્થે આવ્યો હતો. પાણીની લાઈન ચાલુ હતી ત્યારે પાઈપ પકડીને ઉભો હતો પાણી બંધ થઈ જતા અચાનક પાઈપ હાથમાથી મુકાઈ જતા કુવામા પટકાતા મોત નીપજયુ હોવાનુ જાણવા મળ્યુ છે.

# રાજકોટ શહેર પોલીસમાં ૧૮ પોલીસ હેડ કોન્સ્ટેબલને ASIનું પ્રમોશન

શહેર પોલીસમાં અલગ અલગ પોલીસ સ્ટેશન અને બ્રાંચમાં ફરજ બજાવતાં ૧૮ હેડકોન્સ્ટેબલને આસી. સબ ઈન્સ્પેકટર તરીકે પ્રમોશન મળ્યા છે. બીજી તરફ પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાએ છ પોલીસ કર્મચારીઓની અરસ પરસ બદલી કરી છે. જેમને પ્રમોશન મળ્યા છે તેમાં એલસીબી ઝોન-૧ના હેડકોન્સ. મનરૂપગીરી ગોસ્વામી, ડીસીબીના અનિલભાઈ સોનારા, એ-ડિવીઝનના રમેશભાઈ ચૌહાણ, આર્થિક ગુના નિવારણના ધર્મેશભાઈ ડાંગર, હરેશગીરી ગોસાઈ, એસઓજીના રાજેશભાઈ બાળા, બી-ડિવીઝનના હિતેષભાઈ જોગડા, આજીડેમ પોલીસ ચોકીના જયદેવભાઈ બોસીયા, આર.એમ. સી.ના જસવંતીબેન મણવર, યુનિવર્સિટીના દિનેશભાઈ વાઘેલા, તાલુકાના જનકસિંહ ગોહિલ, ભક્તિનગરના કલ્પેશસિંહ ગોહિલ, એસઓજીના અજયભાઈ ચૌહાણ, ડીસીબીના ધીરેનભાઈ માલકીયા, કુવાડવા રોડના મહાવીરસિંહ જાડેજા, ગાંધીગ્રામના સોનલબેન ગોસાઈ, ટ્રાફિક શાખાના ઈકબાલભાઈ મોરવાડીયા તથા વિમલેશભાઈ રાજપૂતનો સમાવેશ થાય છે. આ તમામને તેઓ હાલ જ્યાં ફરજ બજાવે છે ત્યાં જ એએસઆઈ તરિકે નિમણુંક અપાઈ છે. જ્યારે જેમની બદલી થઈ છે તેમાં હેડક્વાર્ટરમાંથી પ્રતાપસિંહ દાદભા મોચાને યુનિવર્સિટી પોલીસ સ્ટેશન, ડીસીબીના દિવ્યરાજસિંહ મયુરસિંહને ડીસીબી એટેચમાં મુકાયા છે. તેમજ રીડર શાખાના અંકિતાબેન ભીખાભાઈને યુનિવર્સિટી, એસઓજીના એએસઆઈ સમીરભાઈ શેખને ડીસીબી, યુવરાજસિંહ મહેન્દ્રસિંહને યુનિવર્સિટી, ડીસીબીના મૈસુરભાઈ, કૌશિકભાઈ અ ન પ્રવિણભાઈને યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં મુકાયા છે.